બાજખેડાવાળ પત્રિકા

बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૦૧ ૨૦૨૫ : જુલાઈ

અંક : ૦૭

: તંત્રી :

શ્રી દિલીપભાઈ પંડ્યા

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ-૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩

: પ્રકાશક :

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ - નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડિયાદ
(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ સમાજ દ્વારા તા. ૧૧-૦૬-૨૫ બુધવારના રોજ વડસાવિત્રી વ્રત ઉદ્યાપન વિધી કરી હતી. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો જેમા ગુરૂદેવ સ્નેહલભાઈએ વ્રત ઉદ્યાપન વિધી કરાવેલ હતી. વ્રત ઉદ્યાપન ઉજવણી બાદ બધી બહેનોને મેંગો શેક આપી પારણા કરાવેલ હતા.

રાજુલ એમ. ભટ્ટ તરફથી મેંગો જ્યુશ તથા ભાવનાબેન ઠાકર અને નિલુષાબેન ભટ્ટ તરફથી દીવેટોની ભેટ આપવામાં આવી હતી.

સમાજની જનરલ મિટીંગ તારીખ ૩૧-૫-૨૫ શનિવારના રોજ થયેલ હતી.

અંજનાબેન દવે — **પ્રમુખ**
કોમલ દવે — **મંત્રી**

સર્વે કારોબારી બહેનો - બાજખેડાવાળ મંડળ, આણંદ

ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

આગામી કાર્યક્રમ

શ્રાવણી :

બ્રાહ્મણોનો પવિત્ર તહેવાર એટલે શ્રાવણી પુનમ (જનોઈ બદલવાનો) કાર્યક્રમ તારીખ ૦૯-૦૮-૨૫ને શનિવારના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે સવારે ૮.૦૦ કલાકે યોજેલ છે. જેમાં પૂજા સામગ્રી વિના મૂલ્યે સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવશે. કાર્યક્રમને અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે. આ પ્રસંગે જ્ઞાતિજનોને લાભ લેવા વિનંતી.

ગરબા મહોત્સવ

માં જગદંબાની આરાસુરી અંબા માતાના ચોથના ગરબા મહોત્સવ તા. ૨૫-૯-૨૫ને ગુરુવારના રોજ શ્રી બળવંતરાય હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે યોજનાર છે. તો સૌ જ્ઞાતિજનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ.

આરતીનો સમય સાંજે ૮.૦૦ કલાકે ત્યારબાદ ગરબા મહોત્સવ શરૂ થશે.

થઈ ગયેલ કાર્યક્રમ

ગૌરીવ્રત જાગરણ નિમિત્તે મનોરંજન કાર્યક્રમ

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ દ્વારા તા. ૧૨-૭-૨૦૨૫ના શનિવારના રોજ ગૌરીવ્રત જાગરણ નિમિત્તે મનોરંજન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ

કાર્યક્રમમાં ગૌરીવ્રત કરતી અંદાજે ૫૦ જેટલી દીકરીઓ તેમજ તેમના પરિવારજનો સહિત ૨૦૦ જેટલા જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ ગૌરીવ્રત કરતી દિકરીઓ તેમજ નાના બાળકો સહિત સૌને મનોરંજન મળી રહે તે માટે નડિયાદ સ્થિત ગિનેસ વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર સુનિલ રાવલ દ્વારા જાદુના ખેલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆતમાં ગૌરીવ્રત કરતી દિકરીઓને સંસ્થા દ્વારા અંદાજે ૨૦૦ ગ્રામ સુકામેવો, બટવો, બ્રેસલેટ, પેન્સિલ વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિવિધ દાતાઓ તરફથી રોકડ તેમજ વસ્તુ સ્વરૂપે દાન મળેલ છે.

(૧) રૂ. ૫૦૦૧/– શ્રી તૃપ્તિબેન ધ્રુવ (વડોદરા), (૨) રૂ. ૨૫૦૦/– શ્રી પ્રિતીબેન ભટ્ટ, (૩) રૂ. ૨૧૦૦/– શ્રી સંજયભાઈ આનંદરાય ભટ્ટ (ટ્રસ્ટીશ્રી), (૪) રૂ. ૧૫૦૧/– શ્રી નિમેશભાઈ શેલત, (૫) રૂ. ૧૫૦૦/– શ્રી જ્ઞાનેશભાઈ કંચનલાલ દવે, (૬) રૂ. ૧૦૦૦/– શ્રી મંજુલાબેન સુરેન્દ્રકુમાર ઠાકર, (૭) રૂ. ૧૦૦૦/– શ્રી દેવ હરીશભાઈ જોષી, (૮) રૂ. ૭૫૦/– શ્રી હિનાબેન અતુલભાઈ ભટ્ટ, (૯) રૂ. ૫૦૧/– શ્રી ભરતભાઈ દવે, (૧૦) રૂ. ૫૦૦/– શ્રી પારસભાઈ જોષી (સભ્યશ્રી), (૧૧) રૂ. ૫૦૦/– શ્રી સંજયભાઈ ત્રિવેદી, (૧૨) રૂ. ૫૦૦/– શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ, (૧૩) રૂ. ૫૦૦/– શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, (૧૪) શ્રી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ તરફથી દિકરીઓને બ્રેસલેટ તથા બટવા ભેટ, (૧૫) શ્રી જતિન વિષ્ણુપ્રસાદ મહેતા તરફથી ૧ કિલો ડ્રાયફ્રુટ

જાદુના ખેલમાં હાજર સર્વે આબાલવૃદ્ધ જ્ઞાતિજનોને ખૂબ મનોરંજન મળ્યું હતું. જાદુના ખેલ બાદ જ્ઞાતિજનો માટે હાઉસીની રમતનું આયોજન કરાયું હતું. જેમાં સૌએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો અને આવા આયોજનો સમયાંતરે થતા રહે તેવી ઇચ્છા વ્યક્ત કરી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન તથા પૂર્વ તૈયારીઓમાં ઉપપ્રમુખ શ્રી તરલભાઈ ભટ્ટ તથા મંત્રીશ્રી ગિનીબેન પંડ્યા સાથે સર્વે સભ્યોએ પોતાનું યોગદાન આપ્યું હતું.

આ પ્રસંગે હાજર જ્ઞાતિજનો તેમજ ગૌરીવ્રત કરતી દિકરીઓના પરિવારજનોએ સાથે મળી ખીચડી–શાક–કઢીનું ભોજન માણ્યું હતું.

વિધવા–ત્યક્તા–વિધુર સહાય

(૧) રૂ. ૨૫૦૦૦/– સ્વ. વાસુદેવભાઈ ફૂલચંદ ખંભોળજા તથા સ્વ. પ્રભાવતીબેન વાસુદેવભાઈ ખંભોળજાના સ્મરણાર્થે હસ્તે શ્રી ઉર્મિલાબેન નરેન્દ્રભાઈ ખંભોળજા તથા પરીવાર

એજ્યુકેશન સહાય

(૧) રૂ. ૨૫૦૦૦/– સ્વ. ડૉ. નિરંજનભાઈ રવિશંકર ભટ્ટ તથા સ્વ. પ્રજ્ઞાબેન નિરંજનભાઈ ભટ્ટના સ્મરણાર્થે હસ્તે શ્રી ઉર્મિલાબેન નરેન્દ્રભાઈ ખંભોળજા તથા ભટ્ટ પરિવાર

ખાસ નોંધ

ગત જૂન માસના અંકમાં ભૂલથી (૩) રૂ. ૨૫૦૦૦/– ગંગા સ્વ. શ્રી સરોજબેન બી. દવે હસ્તે શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવે છપાયેલ હતું તેના બદલે (૩) રૂ. ૨૫૦૦૦/– શ્રી જયશ્રીબેન સુભાષચંદ્ર દવે હસ્તે શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવે વાંચવું.

કમલેશ જે. ભટ્ટ — **પ્રમુખ**

ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા — **મંત્રી**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮

(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

સામા પાંચમ–કેવડા ત્રીજ વ્રત ઉદ્યાપન :–

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષે તા. ૨૮–૮–૨૦૨૫ ગુરૂવારના રોજ ઋષીપાંચમ–સામાપાંચમ તથા કેવડાત્રીજ વ્રત ઉદ્યાપનની ધાર્મિક વિધી કરાવવામાં આવશે. આ વિધીમાં ભાગ લેવા ઈચ્છતા બહેનોએ તૃપ્તીબેન જોષી ૯૮૨૫૦૦૯૮૫૧ તથા જલ્પા જોષી ૭૩૮૩૯૩૧૭૪૨ મોબાઈલ નંબર પર પોતાના નામ નોંધાવી શકે છે. આ બહેનો તમને વિધીને લગતી અન્ય માહિતી આપશે. સાથે લાવવાની વસ્તુઓ આ મુજબ છે. પૂજાના વાસણો, તાંબાનો લોટો, પ્યાલો, તરભાણું, આચમની, દીવી, માચીસ, આસન, નેપકીન, પાંચ ઘીમાં બોળેલી દીવેટો, પાંચ ફળ ગુરૂદેવને આપવાનું વસ્ત્રદાન. ફરાળ, ફૂલ, પાન તથા પૂજાપો સંસ્થા તરફથી આપવામાં આવશે. સ્થળ – પુનીતાશ્રમ, સમય સવારે ૯.૦૦ થી ૧૨.૩૦

શૈક્ષણિક ઈનામ – પુસ્તક વિતરણ લાભ

શ્રી બાજખેડાવા મહિલા મંડળ અમદાવાદ દ્વારા આગામી સપ્ટેમ્બર માસમાં નીચે મુજબની યોજના અંતર્ગત જ્ઞાતિની અમદાવાદ સ્થિત પાસ થયેલી વિદ્યાર્થીની દીકરીઓને સંસ્થાને મળેલ ટ્રસ્ટોના વ્યાજમાંથી આર્થિક લાભ તથા ઈનામ આપવામાં આવશે. ડૉ. સ્વ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના અંતર્ગત ધો. ૧ થી ૧૨ની દીકરીઓને તથા કેળવણી વિષયક ટ્રસ્ટોમાંથી ધો. ૧૦, ૧૧, ૧૨ તથા કોલેજના દરેક ક્ષેત્રમાં અભ્યાસ કરી પાસ થયેલી દીકરીઓને શૈક્ષણિક ઈનામ વિતરણ કરવામાં આવશે. આ માટે દરેક વિદ્યાર્થીનીઓએ પોતાની માર્કશીટની ઝેરોક્ષ કોપી પાછળ પોતાનું નામ –ધોરણ–વર્ષ–સરનામું–મોબાઈલ નંબર લખીને પોતાની સાથે લઈને આવવાનું રહેશે. તા. ૨૬–૦૯–૨૦૨૫ થી તા. ૨૯–૦૯–૨૦૨૫ સુધી સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં

મંગલમ સ્ટોર્સ, બેલાબેન દેસાઈ, ઇચ્છાબેનની વાડીની બાજુમાં પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ ત્યારબાદ કોઈપણ સંજોગોમાં આ લાભ આપવામાં નહી આવે તેની સૌએ નોંધ લેવી.

સ્વ. શ્રી મનહરબાળા વિઠ્ઠલરાય ભટ્ટ મેડીકલ પારિતોષીક

અમારી સંસ્થા દ્વારા આ યોજના અંતર્ગત જ્ઞાતિના મેડીકલ ક્ષેત્રે અભ્યાસ કરતી અને પાસ થયેલી દીકરીઓને સ્વ. શ્રી મનહરબાળા ભટ્ટના સ્મરણાર્થે અપાયેલ ટ્રસ્ટના વ્યાજમાંથી પારિતોષક ઈનામ આપવામાં આવે છે. તો આ ક્ષેત્રમાં અભ્યાસ કરતી પાસ થયેલી દીકરીઓએ પોતાની માર્કશીટ લઈને તા. ૨૬–૯–૨૦૨૫ થી ૨૯–૦૬–૨૦૨૫ સુધીમાં સાંજે ૫.૦૦ થી ૭.૦૦માં મંગલમ સ્ટોર્સ, બેલાબેન દેસાઈ, ઇચ્છાબેનની વાડીની બાજુમાં પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ આવવું અને આપને મળતો લાભ મેળવી લેવો.

નવરાત્રી મહોત્સવ – વાર્ષિક સામાન્ય સભા – લ્હાણી વિતરણ

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા દર વર્ષની જેમ જ આ વર્ષ જેમ જ આ વર્ષે પણ નવરાત્રિ મહોત્સવ આયોજનનું તા. ૨૪–૦૯–૨૦૨૫ને બુધવારના રોજ ત્રીજા નોરતે રાત્રે ૮.૦૦ વાગ્યાથી કરવામાં આવેલ છે. આજ દિવસે પ્રથમ સાંજે ૭.૦૦ થી ૮.૦૦માં સંસ્થાની વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ અલ્પાહાર, ચા–કોફી તથા બાદમાં માતાજીની પ્રસાદીરૂપ લ્હાણીનું વિતરણ કરવામાં આવશે. તો સર્વે જ્ઞાતિજનોને આ ગરબા મહોત્સવ માણવા અને રાસ ગરબાની રમઝટ બોલાવવા સહપરિવાર પધારવા અમારે ભાવભીનું આમંત્રણ પાઠવીએ છીએ. તો સૌ અવશ્ય પધારશો. (સ્થળ – વેદ મંદિર, કાંકરીયા)

અન્નપૂર્ણા સહાય યોજના :

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને (ઉમરેઠ–ડાકોર સ્થિત) પહોંચાડવામાં આવે છે. આ માટે આજની વધતી જતી મોંઘવારીમાં ખર્ચેને પહોંચી વળવા જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી અમારી સંસ્થાને સતત દાનપૂર્વક મળતું રહ્યું છે. અમો આ સર્વે દાતાશ્રીઓનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ વખતે મળેલ દાનની યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી ટીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂ. ૪૧૦૦૦/– (૨) શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમસ્ત ટ્રસ્ટ, ઉમરેઠ રૂ. ૧૧૦૦૦/– (૩) શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, ડાકોર રૂ. ૧૦૦૦/– (૪) શ્રી રમાબેન ખંભોળજા (ડાકોર) રૂ. ૫૦૦/– (૫) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૩૦૦૦/–

દર્શનાબેન ભટ્ટ — **તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ**

પ્રમુખશ્રી — **મંત્રીશ્રી**

Name	:	Ku. Archita Vipul Dave
Height	:	5’-3’’
Weight	:	86 Kg.
Birth Date	:	23-10-2000
Birth Time	:	06.02 p.m.
Birth Place	:	Pune, Maharashtra
Education	:	B.Sc. in Fashion Designer
Profession	:	Job
Monthly Income	:	-
Native Place	:	Pune
Mother Name	:	Harsha V. Dave
Borther/Sisters	:	1-Sister, 1-Brother
Maternal Place	:	Ahmedabad
Father	:	Vipul M. Dave
Address	:	Survey No. 15, Near Vitthal Mandir, Vitthalnagar, Hadapsar, Pune-414028
Phone No.	:	-
Mobile No.	:	7387973665
E-mail	:	-
Contact	:	-
Address	:	-
Phone	:	-
Choice	:	-
Note	:	-

Gotra	:	-
Nakshatra	:	Purva Falguni
Rashi	:	Sinh (Leo)
Nadi	:	Madhya
Gan	:	Manushya
Varna	:	Kshtriya
Yoni	:	Udar
Varg	:	Swan



નામ : કુ. જીન્કલ મિતેશકુમાર પંડ્યા ઊંચાઈ : ૪'–૧૧'' વજન : ૪૫ કિલો

જન્મતારીખ : ૨૫–૧૦–૨૦૦૧ જન્મસ્થળ : અમદાવાદ। જન્મસમય : ૨૩.૪૦ રાત્રે

અભ્યાસ : માસ્ટર ઓફ ફાર્મસી

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી

માસિક આવક : –



ગોત્ર : ભારદ્વાજ

રાશિ : મકર

નક્ષત્ર : ધનિષ્ઠા

નાડી : મધ્યા

માતાનું નામ : વનીતા મિતેષકુમાર પંડ્યા

ભાઈ/બહેન : નથી

પિતાનું નામ : મિતેષકુમાર પ્રવિણકુમાર પંડ્યા

સરનામું : એ–૨૦૧, સત્યમ ફ્લેટ, જોધપુર ગામ પાસે, પ્રેરણાતીર્થ દેરાસર, સેટેલાઈટ, અમદાવાદ–૩૮૦૦૧૫

ફોન/મોબાઈલ : ૯૯૭૪૦૫૧૭૧૮, ૭૦૪૩૪૪૯૯૩

નામ : કુ. હરિપ્રિયા હિમાંશુભાઈ શુકલ ઊંચાઈ : ૫'–૧'' વજન : ૪૫ કિલો

જન્મતારીખ : ૨૧–૦૪–૨૦૦૨ જન્મસ્થળ : નડિયાદ જન્મસમય : ૨૨.૫૯ રાત્રે

અભ્યાસ : બી.ઈ. કમ્પ્યુટર એન્જીનીયરીંગ

મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : વ્યવસાય

માસિક આવક : –



ગોત્ર : પૌનસ

રાશિ : કર્ક

નક્ષત્ર : આશ્લેષા

નાડી : અંત્ય

માતાનું નામ : કાજલબેન હિમાંશુભાઈ શુકલ

ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત, ૧–બહેન–અપરણિત

પિતાનું નામ : હિમાંશુભાઈ શુકલ

સરનામું : ૨૦/૩, અલકાપુરી સોસાયટી, ગંજ બજાર પાસે, આણંદ

ફોન/મોબાઈલ : (પિતા) ૯૮૨૫૨૬૩૨૭૮ (માતા) ૭૦૪૬૧૪૭૫૬૩

નામ : ચિ. પ્રણવ હિતેશભાઈ ત્રિવેદી ઊંચાઈ : ૫'–૭'' વજન : ૭૦ કિલો
જન્મતારીખ : ૦૫–૧૨–૧૯૯૬ જન્મસ્થળ : પેટલાદ જન્મસમય : ૦૬.૨૫ દિવસે
અભ્યાસ : બી.ઈ. (મિકેનિકલ) તથા ડિપ્લોમાં ઈન પર્સનલ ટ્રેનીંગ
મૂળવતન : નડિયાદ વ્યવસાય : વ્યવસાય
માસિક આવક : રૂ. ૩૭૦૦૦/–



ગોત્ર : ગાર્ગ્સ
રાશિ : કન્યા
નક્ષત્ર : ઉ.ફાલ્ગુની
નાડી : આદ્ય
માતાનું નામ : શોભનાબેન ત્રિવેદી
ભાઈ/બહેન : ૧–બહેન–પરણિત
પિતાનું નામ : હિતેશભાઈ હસમુખભાઈ ત્રિવેદી
સરનામું : ૧૮, ધર્મનગર સોસાયટી, કિડની હોસ્પ્ટીલની પાછળ, નડિયાદ
ફોન/મોબાઈલ : ૮૫૩૦૪૦૮૭૮૭, ૯૯૭૮૧૧૭૧૭૨, ૯૬૩૮૨૧૪૧૫૧

નામ : ચિ. વ્રજ વિમલકુમાર ખંભોળજા ઊંચાઈ : ૬'–૦૦'' વજન : ૭૦ કિલો
જન્મતારીખ : ૦૮–૦૧–૨૦૦૧ જન્મસ્થળ : ઉમરેઠ જન્મસમય : ૦૮.૩૪
અભ્યાસ : એમ.ફાર્મ
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : –



ગોત્ર : વચ્છસ
રાશિ : વૃષભ
નક્ષત્ર : મૃગશિર્ષ
નાડી : મધ્ય
માતાનું નામ : ગાયત્રીબેન ખંભોળજા
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : વિમલકુમાર મુકુન્દરાય ખંભોળજા
સરનામું : ૨૦, ગોકુલધામ સોસાયટી, નારી કેન્દ્રની પાસે, ગોધરા.
ફોન/મોબાઈલ : ૯૮૨૫૩૩૮૩૨૬

Name	:	Dr. Harshil Mehta
Height	:	5’-7’’
Weight	:	60 Kg.
Birth Date	:	02-08-1997
Birth Time	:	11.04 p.m.
Birth Place	:	Nadiad
Education	:	M.B.B.S.
Profession	:	Working as Medical Officer in Government Primary Health Center
Monthly Income	:	-
Native Place	:	Mahudha
Mother Name	:	Preeti S. Mehta
Borther/Sisters	:	No
Maternal Place	:	-
Father	:	Sudhir S. Mehta
Address	:	26, Krushnakunj Vihar Society, Dairy Road, Nadiad, Gujrat.
Phone No.	:	9426512777
Mobile No.	:	9428823799
E-mail	:	-
Grand Father	:	Lt. Sureshchandra Mehta
Grand Mother	:	Lt. Sarojben Mehta
Choice	:	-
Note	:	-
Gotra	:	Lankanas
Nakshatra	:	Pushya
Rashi	:	Karka
Nadi	:	Madhya
Gan	:	-
Varna	:	-
Yoni	:	-
Varg	:	-



નામ	:	ચિ. કેવલ હિતેશભાઈ ભટ્ટ
ઊંચાઈ	:	૫'–૧૦''
વજન	:	૭૫ કિલો
જન્મ તારીખ	:	૧૩–૦૩–૧૯૯૨
જન્મ સમય	:	૦૪.૧૧ સવારે
જન્મ સ્થળ	:	જામનગર
અભ્યાસ	:	સ્પે. એલ.એલ.બી. (નિરમા યુનિ.) તથા એલ.એલ.એમ.
વ્યવસાય	:	સરકારી નોકરી – લો ઓફિસર
માસિક આવક	:	–
મૂળ વતન	:	ઉમરેઠ
માતાનું નામ	:	દિપ્તી હિતેશ ભટ્ટ
ભાઈ/બહેન	:	નથી
મોસાળ	:	જામનગર
પિતા	:	હિતેશ કે. ભટ્ટ
સરનામું	:	એ–૫, જીજ્ઞાસા સોસાયટી, વેજલપુર પોલીસ ચોકી પાસે, જીવરાજ પાર્ક, વેજલપુર રોડ, અમદાવાદ
ફોન નં.	:	૯૮૨૪૧૩૫૦૬૩
મોબાઈલ નં.	:	–
ઈ–મેઈલ	:	hitesh1965@gmail.com
સંપર્ક	:	ઉપર મુજબ
સરનામું	:	એ–૫, જીજ્ઞાસા સોસાયટી, વેજલપુર પોલીસ ચોકી પાસે, જીવરાજ પાર્ક, વેજલપુર રોડ, અમદાવાદ
ફોન નંબર	:	૯૯૭૯૭૭૪૭૩૦
પસંદગી	:	કુટુંબ ભાવના
નોંધ	:	કાયદેસરના છુટાછેડા મેળવેલ છે.

ગોત્ર	:	લંકાનસ
નક્ષત્ર	:	આદ્રા
રાશિ	:	મિથુન
નાડી	:	આધ્ય
ગણ	:	મનુષ્ય
વર્ણ	:	શુદ્ર
યોનિ	:	શ્વાન
વર્ગ	:	માર્જર



Name	:	Dr. Vishesh Ashwinbhai Desai
Height	:	5’-4’’
Weight	:	58 Kg.
Birth Date	:	05-07-1994
Birth Time	:	03.45 p.m.
Birth Place	:	Ahmedabad
Education	:	Ph.D. (Pursuring), CS. Executive, M.Com., PGDM in A/C & Taxation
Profession	:	Job
Monthly Income	:	Rs. /-
Native Place	:	
Mother Name	:	Belaben Ashwinbhai Desai
Borther/Sisters	:	1-Brother-Canada
Maternal Place	:	
Father	:	Late. Ashwinbhai Jagdishchandra Desai
Address	:	Laxmi Nivas, Prankunj Society, Beside Icchaben ni wadi, Nr. Kankaria Lake, Maninagar, Ahmedabad-380008
Phone No.	:	+91-9913616064
Mobile No.	:	+91-9725572754
E-mail	:	-
Choice	:	
Note	:	

Gotra	:	Lankanas
Nakshatra	:	Krutika
Rashi	:	-
Nadi	:	Antya
Gan	:	Rakshas
Varna	:	Vaishya
Yoni	:	Mesh
Varg	:	Garud



પ્રભુ પાસે બેસો

પ્રભુ પાસે બેસો;
જેમ એક દીકરો પોતાની માં પાસે બેસે.
કોઈ માંગણી નહિ, ફરિયાદ નહિ,
વાયદાઓ નહિ, ઈચ્છાઓ નહિ,
અપેક્ષાઓ નહિ.

પ્રભુ પાસે બેસો;
તેમને પૂછો, તમે ખુશ છો,
મારુ જીવન જોઈને ?
શું હું તમને ગમે તેવું જીવન જીવું છું ?
હોંશિયાર નહિ,
સહજ બનો. ચતુર નહિ, સરળ બનો.

પ્રભુ પાસે બેસો. દિલ ખોલીને બેસો
પોતાના દુર્ગુણો સમાજ પાસે ભલે છુપાવો,
પણ ભગવાન પાસે ના છુપાવો,
જેવા છો તેવા જ બનીને બેસો.

પ્રભુ પાસે બેસો;
રોવું આવે તો રડી લો, હસવું આવે તો હસી લો,
કઈ ના સમજાય તો ચૂપ–ચાપ, છાના –છપના બેસો,
પણ એકવાર ભગવાન પાસે બેસો.

મંદિરે જઈને, તીર્થસ્થળે જઈને
પણ ક્યાં ભગવાન પાસે બેસીએ છીએ ?
આપણે મંદિર અને તીર્થસ્થળે પણ
સગા–સંબંધી કે મિત્ર પાસે જ બેસીએ છીએ.
બહુ થયું હવે કોઈ નહિ, હવે,
બસ પ્રભુ પાસે બેસો.

ખુબ દોડ્યા,
હવે જરા અમથું થોભીએ.
ખુબ જોયું બહાર હવે
થોડું ભીતર ડોકિયું કરીએ.

કિડની તથા મૂત્રમાર્ગમાં આવેલી પથરીની વિનામૂલ્યે આયુર્વેદિક દવા ના અમદાવાદ શહેરના વિતરણ કેન્દ્રો ની યાદી

(શ્રી નટવરભાઇ પટેલ સુરત અને આદર્શ અમદાવાદ ના સહયોગથી)

દવા સંપૂર્ણ આયુર્વેદિક છે, કુલ ત્રણ પડીકી નો કોર્સ છે. એકાંતર દિવસે લેવાની હોય છે

૧૨ એમએમ સુધીની પથરી કિડની મૂત્રાશય માં હોય તો સહેલાઇથી નીકળી જાય છે. ઓપરેશન ની જરૂર નથી

૧૩ MM થી ૧૮ MM સુધીની પથરી કિડની મૂત્રાશય માર્ગમાં હોય તો દવાના બે ડોઝ લેવા પડી શકે છે બીજો ડોઝ ૨૧ દિવસ પછી લઈ શકાય છે. અપવાદરૂપ કિસ્સામાં ૧૮ એમએમ સુધીની પથરી નિકળી છે. સોનોગ્રાફીના રિપોર્ટની ત્રણ ઝેરોક્ષ જે તે વિસ્તારના સંચાલકને આપવાથી પથરીની આ સંપૂર્ણ આયુર્વેદિક દવા વિના મૂલ્યે મળે છે

અમદાવાદમાં પથરીની દવા ના સંચાલકો ના નામ અને નંબર નીચે મુજબ છે

૧. શ્યામલ ચાર રસ્તા, શિવરજની, માણેકબાગ – ૯૮૨૫૩૪૪૫૬૦
૨. વેજલપુર જીવરાજપાર્ક – ૯૪૨૭૩૩૪૩૨૯
૩. બોડકદેવ – ૮૧૫૬૦૦૮૦૨૯, ૯૪૦૯૧૧૩૯૭૫
૪. મણિનગર – ૭૮૭૪૩૪૧૪૨૦
૫. કાકરીયા /રાયપુર – ૯૧૦૬૨૭૦૪૪૨
૬. વસ્રાપુર ગુરુકુળ રોડ – ૯૮૨૫૨૯૯૫૫૮
૭. નરોડા – ૭૬૨૧૯૩૪૮૨૦
૮. વસ્રાલ/ સીટીએમ – ૯૯૯૮૦૭૯૯૮૦

અમદાવાદ શહેરની બહાર અને ગુજરાતના બીજા શહેરોમાં પથરીની દવા ના નિશુલ્ક વિતરણ કેન્દ્રો નીચે મુજબ છે

સુરેન્દ્રનગર – ૯૪૨૬૪૨૫૦૩૭
ગોધરા – ૯૯૦૯૫૪૯૧૦૯
ધોળકા – ૯૯૭૪૧૩૫૮૪૩
મેઘરજ – ૯૯૭૮૫૯૬૧૭૨
વિસનગર – ૯૪૨૮૬૬૨૩૩૩
ભાવનગર – ૯૪૦૯૦૭૩૨૦૨,૭૦૧૬૮૪૨૭૧૦
ખેડા વસો – ૯૪૨૮૫૬૨૨૭૫

વડોદરા

૧. કપુરાઈ ચોકડી વિસ્તાર – ૯૮૨૪૫૪૦૧૩૪
૨. તરસાલી વિસ્તાર – ૯૮૨૫૩૪૪૫૬૦

ગુજરાત બહાર મહારાષ્ટ્રમાં ફક્ત મુંબઈ જ સેન્ટર ચાલુ કરેલ છે

મુલુંડ વેસ્ટ મુંબઈ – ૯૮૧૯૮૧૨૨૦૨

વધુમાં વધુ ગ્રુપ અને સર્કલમાં આ સંદેશો ફેલાવો અને જરૂરીયાત મંદોને મદદરૂપ થવાનો પ્રયત્ન અવશ્ય કરો. પુણ્યશાળી અને ભાગ્યશાળી બનવાના આ અમૂલ્ય અવસર ને જરૂર થી વધાવી લો.

રિટાયર્ડ

– મનિષા હાથી

વૈશાલીબેનનો ઑફિસનો આજે છેલ્લો દિવસ હતો એટલે કે આજે એમના રિટાયર્ડ થવાની ખુશીમાં પાર્ટી હતી. વૈશાલીબેન ખૂબ ખુશ હતા. પાર્ટી પતાવી સ્ટાફથી અંતિમ વિદાય લઈને પોતાની કારમાં રવાના થયા. કારમાં બેસતા જ અભિનવના ફોટાને જોઈને મનોમન બોલ્યા.

અભિનવ તારા ગયા પછી આપણા નાનકડા આલોક અને મારી જિંદગીને ફરી એક દિશા આપવા ખેડેલી જંગ આજે પુરી થઈ છે. હવે તો આપણો આલોક પણ અસલ તારી જેવો જ દેખાય છે, આલોકને ઘેર પણ નાના–નાના બે બાળકો અદિતિ અને અર્ચિત કાશ, અગર તું હાજર હોત તો બાળકો તારી સાથે મસ્તીમાં તારી આસપાસ જ વીંટળાયેલા રહેત.

ખેર, સંઘર્ષ સાથે શરૂ થયેલી જિંદગીથી ઘણું શીખવા મળ્યું, પણ હવે તો આરામ જ આરામ સંપૂર્ણ આરામ. માનસિક રૂપે પણ શાંતિ.

ઘેર પહોંચતા જ ડ્રોઈંગરૂમમાં વાત કરી રહેલ આલોકના શબ્દો કાનમાં પડ્યા અરે શું વાત છે શાલિની ? તને નોકરી મળી ગઈ ?

એકદમ પરફેક્ટ ટાઈમ !! આજે મમ્મી રિટાયર્ડ થઈને ઘેર આવશે, અને તારી બધી જ ચિંતા દૂર, સૌથી મોટી ચિંતા તો બાળકોની, એ તો એમ પણ દાદીના લાડલા છે ઘર અને બાળકો, મમ્મી તો સ્ટ્રોંગ છે બંને સંભાળી લેશે.

વૈશાલીબેનના પગ બે ઘડી થંભી ગયા હજુ તો કારમાં બેસતી વખતે જ હાશકારો અનુભવ્યો હતો. એક નિરાંતનો શ્વાસ લીધો હતો. પરંતુ જવાબદારી ક્યાં પીછો છોડે છે ? ઈચ્છાઓનું પોટલું એક જ પળમાં સ્વાહા થઈ ગયું.'

અંદર પ્રવેશતા જ વૈશાલીબેન બોલી ઉઠયા, કેમ ભાઈ ચહેરા પર આટલી ખુશી શેની ?

'અરે, મમ્મી તું પહેલા શાંતિથી બેસ, હું પણ હજુ આવ્યો જ છું. આલોક મમ્મીની બાજુમાં બેસતા બોલ્યો' આજે તારે માટે ડબલ ખુશીનો દિવસ છે. એક તો તારા રિટાયરમેન્ટની ખુશી અને બીજું કે શાલિનીને નોકરી મળી ગઈ છે. કંપની પણ સારી છે અને ઓફીસ નજીકમાં જ છે. મેં તો કહી દીધું, હવે બાળકો અને ઘર બધુ સચવાય જશે. તું તારે આરામથી નોકરી કર મમ્મી છે પછી શું ચિંતા છે કેમ, ખરુંને મમ્મી ? એમ પણ સવારે મારો ને એનો ટાઇમિંગ એક જેવો જ છે તો સાથે જ નીકળી જઈશું.

'હમમમ, શાલિની આ તો ખરેખર ખુશીની વાત છે. તો તો તારે મીઠું મોઢું કરવું જ પડે હો, મારા રિટાયર્ડ થયાની ખુશીમાં મિઠાઈનું બોક્સ આવ્યું છે લ્યો બધા મોઢું મીઠું કરો.'

ઘરમાં શાલિનીને નોકરી મળી ગયા નો શૉર વૈશાલીબેનના કાનમાં ગુંજી રહ્યો હતો. કાલથી ફરી એક નવી નોકરીનો કોલલેટર આવી ગયો હતો..

ખેર, બાળકોને સાચવવાનું પણ મારી ફરજમાં તો આવે જ આ તો મારી નોકરી ચાલતી હતી એટલે ઘરની જવાબદારી એટલી હતી નહિ બાકી હવે એ પણ કરી લેશું. બીજા દિવસે રોજની આદત પ્રમાણે વૈશાલીબેન વહેલા જ ઉઠી ગયા આજે ચા નો સ્વાદ વધારે મીઠો લાગતો

હતો રોજ તો નોકરી જવાની જંજાળમાં ફટાફટ બધું કામ પતાવી નીકળી જવું પડતુ હતું.

થોડીવાર થઈ ત્યાં બાળકોના ચહેકવાની અવાજો આવવા લાગી. સ્કૂલ જવા તૈયાર થવા લાગ્યા.

વૈશાલી પોતે ઉભી થઈને અંદર ગઈ અને શાલિનીને કહેતા બોલી ' તારે બીજું કોઈ કામ પતાવવું હોય તો પતાવી દે. બાળકો તો મારી આગળ તૈયાર થઈ જશે.'

'ના ના મમ્મી, એવી કોઈ ઉતાવળ નથી. બધું થઈ જશે તમે આવી સરસ મજાની સુંદર સવારનો આનંદ લો.'

વૈશાલીબેન ઠીક છે કહી, ફરી પોતાની જાત સાથે વ્યસ્ત થઈ ગયા. પોતાનુ ન્હાવા ધોવાનું પતાવી ચા, નાસ્તા માટે રસોડામાં ગયા. ત્યાં શાલિનીએ અવાજ દીધી.' મમ્મી તમારો ચા–નાસ્તો અહીં બહાર જ છે. આવી જાવ.'

વૈશાલીબેન બહારના રૂમમાં આવ્યા જોયું તો શાલિની હજુ ઘરના કપડામાં જ હતી, વૈશાલીબેન બોલ્યા આ, શું તારે તૈયાર નથી થવાનું ?

'હું તૈયાર જ છું. પહેલા તમે ચા નાસ્તાનો આનંદ લો.'

'વૈશાલીબેન ફરી બોલ્યા તું આ જ કપડામાં ઓફીસ જઈશ ? એ પણ પહેલા દિવસે ?'

'અરે મમ્મી ઑફિસને મારો ગોળી' મેં પુરી રાત વિચાર્યું વિચારતા મને એટલું જરૂર લાગ્યું કે, સાચા અર્થમાં જોવા જાઉં તો મારે નોકરીની જરૂર જ નથી. તમારી આટલા વર્ષોની મહેનત ઘરના એક એક ખૂણે ઝળહળે છે. તમે અમને ઘણું કમાયને આપ્યું છે. આલોકની આવક પણ સારી છે. પછી ખાલી શોખ ખાતર નોકરી શામાટે કરવી ? હા, જરૂર હોય તો ઘર અને બહાર બે છેડા ભેગા કરીને જરૂર કરત, અને હા, તમે તો ખાસ અનુભવી છો. ઘરના બે છેડાને ભેગા કરતા આપણા ઘણા શોખ અને ઈચ્છાઓને સ્વાહા કરવા પડે છે. વ્યર્થ ભાગાદોડી કરવી એના કરતાં સાચા અર્થમાં જેને નોકરીની જરૂર છે એને મળી જાય એ વધારે સારું ને ? શું કહેવું છે તમારું ?

એકધારી બોલી રહેલ શાલિનીને વૈશાલીબેન ધ્યાનથી સાંભળી રહ્યા હતા.

શાલિની ચપટી વગાડતા બોલી અરે મમ્મી ક્યાં ખોવાય ગયા ? અરે હા આજે સવારે જમવાનું થોડું હળવું જ રાખશું હો સાંજે તમારા દીકરાએ તમારા રિટાયર્ડ થયાની ખુશીમાં શાનદાર પાર્ટી રાખી છે.

વૈશાલીબેન પોતાના રૂમમાં આવી પતિ મહોદયના ફોટા સામે બેસી ગયા. ચહેરા પર ફરી પાછુ શાંતિનું પરમસુખ છવાય ગયું હતું. ગઈકાલ રાતે આંખોમાં નીંદરની જગ્યાએ ઘણા સવાલો હતા કેમ કરીશ ? ફરી બધું સંભાળી શકીશ કે નહીં ?

પરંતુ સવારના એજ આંખો અને ચહેરા પર એક તેજ સાથે વિરામચિહ્ન ઝળકી રહ્યો હતો.

'જીવનમાં કદાચ તમારી સાથે રહેવાનું સુખ તો ન સાંપડ્યું પણ આજે હું ધન્ય છું કે દીકરા–વહુનો સુંદર અને સમજદાર પરિવાર મારી જિંદગીનો હિસ્સો છે.

ચિંતન

એક વ્યક્તિએ પહાડની ટોચ ઉપર ચડતા જોયુ કે એક સાધ્વી ધ્યાનસ્થ અવસ્થામા એકલા બેઠા છે. આશ્ચર્ય થતા એમની પાસે જઇને પુછ્યુ કે ભયંકર નિરવ એકાંતમા તેઓ શું કરી રહ્યા છે ?

સાધ્વી બોલ્યા 'મારે ઘણા કામ બાકી છે એ પૂરા કરી રહી છું.

વ્યક્તિને એમની આસપાસ કોઇ સાધન સામગ્રી ન દેખાતા પુછ્યુ કે તમારી આજુબાજુ કઇજ દેખાતુ નથી તો પછી એવુ કયુ કામ કરી રહ્યા છો.

સાધ્વી બોલ્યા મારે બે બાજ, બે ગરૂડોને શિક્ષીત કરવાના છે, બે સસલાઓને સમજાવવાના છે, એક સાંપને શિસ્ત સિખડાવવાની છે, એક ગધેડાને પ્રેરણા આપવાની છે, અને એક સિંહ ને પાલતુ બનાવવાનો છે.

વ્યક્તિ કુતુહલતાથી બોલી પણ મને તો એ કોઇ દેખાતા નથી.

સાધ્વી બોલ્યા. એ બધા મારી અંદર બેઠેલા છે.

બાજ, મારી સમક્ષ આવતુ બધુ જોયા કરે છે, સારૂ અને ખરાબ મારે એને માત્ર સારૂ જોતા શિખડાવવાનુ છે અને એ બન્ને બાજ મારી આંખો છે.

બે ગરૂડો પોતાના પંજાથી આઘાત કરે છે અને બધુ છિન્નભિન્ન કરે છે મારે એમને શિક્ષીત કરવાના છે કે કોઈને જખ્મી ન કરાય. આ ગરૂડો મારા બન્ને હાથ છે.

સસલાઓને મન ફાવે ત્યા જાય છે, તેમ છતાં એમને મુશ્કેલિયો નથી ગમતી, મારે એમને શાંત રહી વિપરીત પરિસ્થિતીયોનો સામનો કરતા શિખડાવવાનુ છે. એ મારા પગ છે.

ગધેડો હમેશા અસ્વસ્થ રહે છે, હઠીલો અને ચાલતી વખતે બોજથી હાફડો ફાફડો રહ્યા કરે છે અને એ છે મારૂ શરીર.

સાંપને ડબ્બામા બત્રીસ સળીયા પાછળ બંધ રાખવા છતાય સહુથી વધુ ડંખ મારવા તત્પર રહે છે, પાસે આવનારને કરડીને ઝેર જ આપે છે. મારે એને શિસ્ત શિખડાવવી છે અને એ મારી જીભ છે.

મારી પાસે એક સિંહ પણ છે ગરવીલો ઘમંડી, એને લાગે છે એ જ રાજા છે. મારે એને પાલતુ બનાવવો છે અને એ છે મારો અહંકાર.

એટલે તમે જોયુ મારી પાસે કેટલા બધા કામ છે.

વિચારો અને ચિંતન કરો.

આપણા બધા પાસે આજ કામો કરવા જેવા છે.

ચાલો કોઇની ટિકા કરવા કરતા અંતરમનમા ડોકિયુ કરીયે.

નેચર

લેખક:– કમલેશ જોષી

"તમે ભગવાનમાં માનો છો?" એક દિવસ અમારા ગૃપમાં ડીબેટ શરૂ થઈ. એકે કહ્યું, "હું માતા–પિતાને જ ભગવાન માનું છું." તો એકે પોતાના ગુરુને, સંતને ભગવાન કહ્યાં. એકે કુળના દેવી–દેવતાઓમાં ભગવાન હોવાનો મત આપ્યો તો એકે દીન–દુ:ખીયામાં ઈશ્વર છે એમ કહ્યું. એકે ખુદની અંદર જ ભગવાન હોવાનો દાવો કર્યો તો એકે ભગવાન છે જ નહીં એવો મત આપ્યો. આ બધાં વચ્ચે એક પ્રેક્ટિકલ મિત્રએ કહ્યું, "ભગવાનની સર્વ સામાન્ય ડેફિનેશન શી? જે સર્વવ્યાપી હોય, સર્વ શક્તિમાન હોય અને સૌને માટે સમાન હોય એવું તત્ત્વ એટલે ભગવાન, ઈશ્વર, ગોડ. મારી દૃષ્ટિએ આવું કોઈ તત્ત્વ હોય તો એ છે કુદરત. કુદરત સર્વવ્યાપી છે, અમદાવાદમાં પણ છે અને અમેરિકામાં પણ છે, આપણી અંદર પણ છે અને બહાર પણ છે. કુદરત સર્વશક્તિમાન છે, એ જ વરસાદ બની વરસે છે અને એ જ એક દાણામાંથી હજાર દાણા ઉગાડે છે, એ જ વિરાટ સાગર બની ઘૂઘવે છે અને એ જ ઊંચામા ઊંચા પર્વત બની આકાશને આંબે છે. કુદરત સૌને માટે સમાન છે, હિન્દુ–મુસ્લિમ–શીખ–ઈસાઈ જ નહીં, તમામ પ્રાણીઓ માટે પણ કુદરત એકસરખી ઠંડી, ગરમી અને વરસાદ વરસાવે છે." આટલું કહીને એ અટક્યો ત્યારે અમે સૌએ એક નજર આકાશ તરફ ફેરવી અને લગભગ બધાના ડોકા હકારમાં ધૂણ્યા.

પણ સીધી સાદી વાતને સીધી રીતે ગળે ઉતારે તો અમારો પેલો ટીખળી દોસ્ત મસ્તીખોર કહેવાય ખરો? મસ્તીખોરે સહેજ હસીને કહ્યું, "અને તારી એ જ કુદરત જ્યારે બિપોરજોય કે તાઉતેની ગિફ્ટ મોકલી હાહાકાર મચાવે છે ત્યારે? શું ભગવાન કરુણાસાગર છે, ભોળાનો નાથ છે એ વ્યાખ્યા કુદરતને ભૂલાઈ જાય છે?" ઓહ, મસ્તીખોરે પ્રશ્ન તો એકદમ સાચો દાગ્યો. અમે પેલા પ્રેક્ટિકલ સામે જોયું. એ બે ઘડી વિચારીને બોલ્યો, "જે પોતાના માતા–પિતાને ભગવાન માને છે શું એણે મમ્મી પપ્પાના હાથે ગાલ લાલચોળ નથી કરાવ્યાં? જે પોતાના ગુરુને ભગવાન માને છે શું એણે શિક્ષકના હાથની ફુટપટ્ટી નથી ખાધી? શું ધર્મગુરુએ એમને ઉપવાસ એકટાણાંનું મહત્વ સમજાવી એક કે બે ટક ભૂખ્યા નથી રાખ્યા? અને ભોળાનો નાથ શિવજી તો વિસર્જન માટે પ્રખ્યાત નથી?" આટલું કહીને એણે પેલા મસ્તીખોરની આંખમાં આંખ પરોવી કહ્યું, "આમેય તારા જેવા મસ્તીખોર લોકો તો ફુટપટ્ટી સિવાય ક્યાં કોઈના બાપુજીનું માને છે?" કહી એક ઊંડો શ્વાસ લઈ એણે ઉમેર્યું, "કડવી દવા બાળકને પાતી વખતે મા હરખાતી નથી હોતી પરંતુ એની ભીતરે કરુણાનો સાગર જ છલકાતો હોય છે એમ જ આ તાઉતે અને બિપરજોયના રૌદ્ર સ્વરૂપે સાક્ષાત્ શિવત્વએ આપણને થર્ડ ડિગ્રીનો કડવો ઘૂંટડો પાયો છે. બાળક જેમ પોતાને બિમાર માનતું નથી એમ જ આપણે પણ આપણી ભીતરે વ્યાપી રહેલા બગાડને કબૂલવા તૈયાર નહીં થઈએ. પણ કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્ સમર્થ એવો ડોક્ટર કાનુડો આપણને કડવામાં કડવો ડોઝ આપી આ જન્મે જ સાજા–તાજા–માજા કરી દેવામાં માસ્ટર છે. એણે ગેરન્ટી આપી છે કે તમે જે કર્મ કરશો, પછી એ દુનિયાના દેખતાં હોય કે છાનામાના, તમે એનું જ ફળ પામશો. જો તમે સંપૂર્ણ શુદ્ધ હશો તો પૃથ્વીનો પ્રલય પણ તમને, તમારા શુદ્ધ આત્માને, ટચ નહીં કરે અને ટાંચણી જેટલીએ ભેળસેળ કરી હશે તો સો

જન્મે પણ એનું ફળ ભોગવ્યા વિના છૂટકારો નહીં થાય. કુદરત અને કાનુડાથી છૂપું કાંઈ નથી. એના સીસીટીવી કેમેરા મારી-તમારી ભીતરે 'ચોવીસ બાય સાત બાય લાઈફ ટાઈમ' મોનીટરીંગ કરી રહ્યા છે. ચોવીસે કલાક આપણા માટે ટીમ કૃષ્ણ ફુડ પેકેટ પણ બનાવી રહી છે અને રેસ્ક્યુ ઓપરેશન પણ ચલાવી રહી છે, એના સ્ટોરમાં બુંદી-ગાંઠીયા મેવા-મેસુબ પણ છે અને તાઉતે, બિપરજોય, અર્થક્વેકની મશીનરી પણ તૈયાર છે. જેવું કર્મ એવી ગિફ્ટ." એકધારું આટલું બોલીને એ એટક્યો ત્યારે અમે સૌ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયેલા.

એક સંતે મસ્ત વાત કરી છે. આપણે બ્રહ્મા અને વિષ્ણુના મંદિરો કેમ ઓછા બનાવ્યા? શિવજીના મંદિર વિનાનું તો એકેય ગામ કે સોસાયટી જોવા નહીં મળે. તોફાની બાળક જેમ કડક અને ગરમ મિજાજના શિક્ષક સામે હાથ જોડીને ચૂપચાપ બેસે એમ જ આપણે વિસર્જન અને મૃત્યુંજય મહાદેવની સામે નતમસ્તક થઈ જઈએ છીએ. પ્રેમથી થાળી પીરસી આપણું ભરણ કરતી મા કે ઈમાનદારીથી મહેનત કરી આપણી ઓફિસને વધુ નફો અપાવતો કર્મચારી કે આપણા ખેતરમાં વધુ પાક લણી આપણું પોષણ કરતો ખેડૂત આપણને પૂજ્ય નથી લાગતાં. આપણે તો ઈન્સ્પેક્શનમાં આવતા રુઆબદાર અધિકારીની સામે પંજાબી વાનગીઓનો થાળ અને નોટોથી ભરેલું કવર ધરવામાં તીર્થસ્નાનનો અનુભવ કરીએ છીએ. તોફાને ચઢેલા વર્ગખંડમાં જેમ શિક્ષક બૂમો પાડે એમ જ અવળા-સવળા, કાળા-ધોળા ધંધાકીય તોફાનોમાં આખી જિંદગી વેસ્ટ કર્યા પછી ભગવાન પાસે કવર કે થાળી ધરી છટકી જવાનો મનસૂબો સેવનાર આપણા જેવા તોફાનીઓને ભગવાન કથાકારોના મુખે બૂમો પડાવી પડાવી ગવડાવે છે કે : હું કાંઈ ગાંડો નથી રે હું કાઈ ઘેલો નથી રે, એમ છેતર્યો છેતરાઉ એવો સસ્તો નથી રે હું કાઈ ગાંડો નથી રે.

મિત્રો, આપણે કુદરતનું સર્જન છીએ, ઓફ ધી નેચર, બાય ધી નેચર અને ફોર ધી નેચર. આજકાલ નેચર લવર્સની સંખ્યા વધતી જાય છે. વહેલી સવારે ઉગતા સૂર્યને જોવાનો કે દરિયા કિનારે લટાર મારવાનો કે બર્ડ્ઝ વોચિંગનો ક્રેઝ વધતો જાય છે. આવા એક નેચર લવર મિત્રે એનો અનુભવ શૅર કરતા કહ્યું કે કાયમ નવ વાગ્યે ઉઠવા છતાં આખો દિવસ આળસ અને કંટાળા સાથે વિતાવવાની આદતવાળો હું જે દિવસથી વહેલી સવારે સૂર્યોદય, પક્ષીઓનો કલરવ અને દરિયાના ઉછળતાં મોજાં જોતો થયો છું તે દિવસથી ફુલ ડે એનર્જી અને એન્જોયમેન્ટ ફીલ કરું છું. ફિઝીકલ બિમારી તો નથી જ રહી, વિચારોમાંથી પણ નેગેટીવીટી ગાયબ થઈ ગઈ છે. આપણી સંસ્કૃતિમાં તો નદીઓ, વૃક્ષો અને સૂર્યની પૂજા સમ્રાટોએ જ નહીં ખુદ રામ અને કૃષ્ણ જેવા અવતારોએ પણ કરી છે. આપણે ઘરમાં, ઓફિસમાં કે સમાજમાં આપણાથી જાણે અજાણે થયેલા ગરબડ-ગોટા બદલ આંખમાં આંસુ સાથે આજનો દિવસ મધર નેચર એટલે કે કુદરતના ખોળામાં બેસીને વિતાવીએ તો કેવું? તોફાની બાળકને ગાલ પર ચોપડી દીધાં પછી માતાનું હૃદય પણ કલાકો સુધી તરફડતું હોય છે અને બાળક પર ચુંબનનો વરસાદ વરસાવે ત્યારે જ એને હાશકારો, ટાઢકારો થતો હોય છે એમ જ કુદરત અત્યારે આપણને ચુંબન કરવા આતુર છે ત્યારે આકાશ સામે નાના બાળકની જેમ બે હાથ લંબાવી થોડી ક્ષણો, માતૃપ્રેમ કે ઈશ્વર કૃપાથી ભીંજાઈ જઈએ તો કેવું ?

(લોકસત્તા જનસત્તાની પૂર્તિમાં પ્રકાશિત 'શબ્દકમળ' કૉલમ)

હાર્ટ એટેક જરૂર વાંચજો ??

આપણા દેશ ભારતમાં ૩૦૦૦ વર્ષ પહેલા એક મહાન ઋષિ હતા.

તેમનું નામ મહર્ષિ વાગ્ભટજી હતું. તેણે એક પુસ્તક ?? લખ્યું. જેનું નામ છે અષ્ટાંગ હૃદયમ. અને આ પુસ્તકમાં તેમણે રોગોના ઈલાજ માટે ૭૦૦૦ સૂત્રો લખ્યા છે !

આ તેમાંથી એક છે.

વાગ્ભટજી લખે છે કે હૃદયને હંમેશા હાર્ટ એટેક આવે છે. આનો અર્થ એ કે હૃદયની ચેનલોમાં અવરોધ શરૂ થઈ રહ્યો છે.

– તો એનો અર્થ એ થયો કે લોહીમાં એસીડીટી (એસીડીટી) વધી છે.

એસિડિટી તમે સમજો છો.

એસિડિટી બે પ્રકારની હોય છે.????

૧. એક તો પેટની એસિડિટી.

૨. અને લોહીની એસિડિટી છે.

જ્યારે તમારા પેટમાં એસિડિટી વધે છે! તો તમે કહેશો????

– પેટમાં બળતરા થાય છે !

– ખાટ્ટી ખાટ્ટી ડકાર આવે છે!

– મોં માંથી પાણી બહાર આવી રહ્યું છે! અને આ એસિડિટી વધી જાય તો ! તે હાયપરએસીડીટી હશે.

– અને પેટની આ એસિડિટી લોહીમાં આવે ત્યારે વધે છે, તો તે લોહીની એસિડિટી છે.

અને જ્યારે લોહીમાં એસિડિટી વધી જાય ત્યારે આ એસિડિક લોહી હૃદયની નળીઓમાંથી બહાર નીકળી શકતું નથી! અને નળીઓમાં અવરોધ આવે ત્યારે હાર્ટ એટેક આવે છે.

તેના વિના હાર્ટ એટેક ન આવે.

– અને આ આયુર્વેદનું સૌથી મોટું સત્ય છે જે તમને કોઈ ડૉક્ટર કહેતું નથી!

કારણ કે તેની સારવાર સૌથી સરળ છે.

ઈલાજ શું છે??

– વાગ્ભટજી લખે છે કે જ્યારે લોહીમાં એસિડિટી વધી છે. તેથી તમે ક્ષારયુક્ત વસ્તુઓનો ઉપયોગ કરો છો!

તમે જાણો છો કે બે પ્રકારની વસ્તુઓ છે!

– એસિડિક – આલ્કલાઇન. – એસિડ અને આલ્કલાઇન મિક્સ કરો તો શું થાય છે. – તટસ્થ બધા જાણે છે.

– તો વાગ્ભટજી લખે છે! લોહીની એસિડિટી વધી ગઈ હોય તો ખાઓ આલ્કલાઇન વસ્તુઓ!

તેથી લોહીની એસિડિટી તટસ્થ થઈ જશે .

અને લોહીમાં એસિડિટી ન્યુટ્રલ થઈ ગઈ.

તો જીવનમાં હાર્ટ એટેકની કોઈ શક્યતા નથી.

આ આખી વાર્તા છે.

– હવે તમે પૂછશો કે એવી કઈ વસ્તુઓ છે જે ક્ષારયુક્ત છે અને આપણે ખાવી જોઈએ.

??તમારા રસોડામાં એવી ઘણી વસ્તુઓ છે જે આલ્કલાઇન છે! જો તમે તેને ખાશો, તો ક્યારેય હાર્ટ એટેક નહીં આવે. અને આવ્યો હોય તો ફરી આવે નહિ.

આપણે બધા જાણીએ છીએ કે સૌથી ક્ષારયુક્ત વસ્તુ શું છે અને તે દરેક ઘરમાં સરળતાથી ઉપલબ્ધ છે, તે છે દૂધી.

જેને દૂધી પણ કહેવાય છે !!

અંગ્રેજીમાં તેને હૈંમી પ્રૅક્ષિં કહે છે.

જે તમે શાક તરીકે ખાઓ છો!

– આનાથી વધુ આલ્કલાઇન કંઈ નથી!

– તો તમે રોજ દૂધીનો રસ કાઢીને પીવો. કાચી દૂધી ખાઓ !!

– વાગ્ભટજી કહે છે કે દૂધીમાં લોહીની એસિડિટી ઘટાડવાની સૌથી મોટી શક્તિ છે. તો તમારે દૂધીના રસનું સેવન કરવું જોઈએ.

–કેટલું સેવન કરવું ?

–દરરોજ ૨૦૦ થી ૩૦૦ મિલિગ્રામ પીવો.

–ક્યારે પીવું ?

– તમે તેને સવારે ખાલી પેટે પી શકો છો (ટોઇલેટ ગયા પછી) અથવા નાસ્તાના અડધા કલાક પછી પી શકો

તમે આ દૂધીના રસને વધુ આલ્કલાઇન બનાવી શકો છો.

તેમાં તુલસીના ૭ થી ૧૦ પાન નાખો તુલસી ખૂબ જ ક્ષારયુક્ત છે તમે આમાં ૭ થી ૧૦ ફુદીનાના પાન મિક્સ કરી શકો છો! ફુદીનો પણ ખૂબ આલ્કલાઇન છે! તમારે તેની સાથે કાળું મીઠું અથવા સીંધાલુણ મીઠું ઉમેરવું જોઈએ.

તે ખૂબ જ આલ્કલાઇન પણ છે.

– પણ યાદ રાખો

કાળું મીઠું અથવા સીંધાલુણ મીઠું ઉમેરો. બીજું આયોડાઇઝ્ડ મીઠું ક્યારેય ઉમેરશો નહી. આ આયોડીનયુક્ત મીઠું એસિડિક છે.

તો મિત્રો, તમારે આ દૂધીના રસનું સેવન કરવું જ જોઈએ.

તે ૨ થી ૩ મહિનામાં તમારા બધા હાર્ટ બ્લોકેજને ઠીક કરી દેશે.

૨૧મા દિવસે જ, તમે જોરદાર અસર જોવા મળશે.

તમારે કોઈ ઓપરેશનની જરૂર નહીં પડે.

આપણા ભારતના આયુર્વેદ થી ઘરે જ ઈલાજ થશે.

અને તમારું કિંમતી શરીર અને લાખો રૂપિયા ઓપરેશનથી બચી જશે.

જીવન ચલને કા નામ હૈ ....

લેખક: પ્રફુલ્લ કાનાબાર

જાત અને જગત સાથે સમતુલા જાળવનારનું જીવન જ સાર્થક છે!

જીવનનો અભ્યાસ ક્યારેય પૂર્ણ થતો નથી. સફળ લેખક એ જ બની શકે છે જે આજીવન વિદ્યાર્થી રહે છે. જે આપણે નથી જાણતા, તે આપણે નથી જાણતા એવું કબૂલ કરીએ ત્યારે જ સાચા જ્ઞાનની શરૂઆત થાય છે.

અહીં મારે લેખકની નહી પણ માણસની વાત કરવી છે, કારણકે કોઈ પણ વ્યક્તિ સૌથી પહેલાં માણસ હોય છે ત્યાર બાદ એના પર લેખક, વકીલ, ડોક્ટર કે એના વ્યવસાયનાં આધારે લેબલ લાગે છે. જે માણસ ઉત્સાહ વહેંચી શકે છે એ જ દુનિયાનો બેસ્ટ સેલ્સમેન છે. સફળ અને સરળ જીવન માટે વ્યક્તિના વિચાર અને આચાર વચ્ચે ઓછામાં ઓછો તફાવત હોવો જરૂરી છે. યસ્સ.. હું ટ્રાન્સપરન્સી એટલેકે પારદર્શિતાની વાત કરું છું.

થોડા વર્ષો પહેલાની એક સત્યઘટના અહીં જરક્રીં કરું છું. અમદાવાદની એક કોલેજમાં એક જાણીતા નેતાને ચીફ ગેસ્ટ તરીકે બોલાવવામાં આવ્યા હતા. એમના વક્તવ્યમાં એમણે દહેજ બાબતે બોલતા કહ્યું હતું..”દોસ્તો, તમારે બધાએ સ્વબળે અને જાતકમાઈ પર આગળ આવવું જોઈએ. કાયર અને બાયલા યુવાનો જ લગ્ન વખતે દહેજ લેતા હોય છે. કદાચ જો તમારા પિતા દહેજ બાબતે આગ્રહ રાખે તો તમારે એનો વિરોધ કરવો જ જોઈએ.

કોલેજમાં વિદ્યાર્થીઓની અઢળક તાળીઓ ઉઘરાવી જનાર આ જ નેતાએ એમના એકના એક દીકરા માટે વેવાઈ પાસે મોટું દહેજ માંગ્યું હતું. દીકરાએ વિરોધ કર્યો ત્યારે તેઓ બોલ્યા હતા “દીકરા, જાહેરમાં તો અમારે બોલવું પડે. એનો મતલબ એવો નથી કે આપણા સમાજમાં વર્ષોથી ચાલી આવતી પ્રથાનો વિરોધ કરીને આવતી લક્ષ્મીને પાછી ઠેલવી”. દહેજને લક્ષ્મી ગણનાર આ નેતાજીના જ્ઞાનને શું કહેવું?

વ્યૂહરચનાઓ યુધ્ધમાં કે રાજકારણમાં હોઈ શકે ..જીવનમાં નહી. જીવન તો જેટલું સરળ હોય એટલું જ ઈશ્વરની નજીક હોય. નમ્રતા નબળાઈ નથી. નમ્રતા નમ્રતા સભ્યતા છે. નમ્રતા સંસ્કાર છે. સાચો જ્ઞાની માણસ ગમે તેટલી ઉંચાઈએ પહોંચ્યો હોય તો પણ એ ક્યારેય નમ્રતાનો સાથ છોડતો નથી.

આપણે હમેશાં માનીએ છીએ કે આપણા જીવનમાં આપણી પાસે પસંદગીનો અધિકાર છે આપણે નક્કી કરીએ તેમ જ બધું થાય છે પણ ત્યાં જ આપણે ભીંત ભૂલીએ છીએ. આપણે મોસમ નથી બદલી શકતા. સુખનો એક કલાક લંબાવી નથી શકતા કે દુ:ખનો એક કલાક પણ ઓછો નથી કરી શકતા. કોઈ પણ સંસારી માણસ જાત સાથેનો સબંધ તોડીને જગત સાથે જીવી શકતો નથી અને જગત સાથેનો સબંધ તોડીને માત્ર જાત સાથે પણ જીવી શકતો નથી. જાત અને જગત વચ્ચે સમતુલા જાળવીને જીવનાર માણસનું જીવન જ સાર્થક ગણાય.

પ્રત્યેક માનવી બે પ્રકારના જગતમાં રહે છે એક એનું બાહ્ય જગત જેમાં એની સાથે અન્ય માનવીઓ પણ રહેતા હોય છે. બીજું આંતરિક જગત જેમાં એ એકલો જ રહેતો હોય છે. વ્યક્તિનાં આંતરિક જગતનું જેવું નિર્માણ થાય એવું જ એનું જીવન ઘડાતું હોય છે. આંતરિક જગતમાં વ્યક્તિના વિચારો અને એની માનસિકતા ખૂબ જ મહત્વની છે. અનાયાસે

પ્રાપ્ત થયેલું ધન અને પરિશ્રમ વગરનું જીવન વ્યક્તિની આંતરિક શક્તિઓને ક્યારેય ખીલવા દેતું નથી.

મનુષ્ય પાસે ત્રણ પ્રકારની શક્તિ હોય છે. બાહુબળ બુદ્ધિબળ અને ધન બળ. આમાંથી કોઈ પણ પ્રકારની શક્તિનો ઉપયોગ અન્યના ભલા માટે કરવામાં આવે તો એને "સેવા" કહેવાય.

સંતોષનું ધન જયારે વધવા લાગે ત્યારે જ માણસને મર્સીડીઝમાં આનંદ શોધવાની વૃતિ એની ભૂલ હતી એનું જ્ઞાન આવે છે. એ હળવો થઈને અન્યની પીડા બાબતે વિચારતો થાય છે. કોઈ પણ સેવાના માર્ગ પર તમે જેમ જેમ આગળ વધતા જાવ છો તેમ તેમ તમે તમારી પીડાને ભૂલતા જાવ છો (જો હોય તો) અને વધુ ને વધુ નમ્ર બનતા જાવ છો. પરોપકારના કાર્યમાં જેમ ઊંડા ઉતરશો એમ ખ્યાલ આવશે કે હજૂ ઘણું બધું થઇ શકે તેમ છે અથવા તો ઘણું બધું કરવાનું બાકી છે!

(સૌજન્ય: ગુજરાત ટાઈમ્સ –યુ.એસ.એ.)

બોધકથા: લાલચમાં આવી સત્યનો સાથ ના છોડશો.

આલેખન – સંકલન: વિનોદભાઇ માછી નિરંકારી

એક શેઠ હતા જે રસોઇના વાસણો ભાડે આપી કમાણી કરતા હતા.એકવાર એક સર્જનને ભાડેથી રસોઇના વાસણો આપ્યાં.પ્રસંગ પતી ગયા પછી એ ભાઇ ભાડું તથા વાસણો પાછા આપી ગયા પરંતુ વાસણો જ્યારે પાછા આપ્યા ત્યારે બે–ત્રણ વાસણ વધારે આપ્યાં.શેઠે પુછ્યું કે શું વાત છે? તમે મે ભાડે વાસણો આપ્યાં હતાં તેના કરતાં વધારે વાસણ પાછાં કેમ આપ્યાં? ત્યારે તે ભાઇ કહે છે કે વાસણોને સંતાન થયાં છે એટલે તેને પણ આપ સાચવો.શેઠ ઘણા જ પ્રસન્ન થાય છે કે ઘણો સારો ગ્રાહક મળ્યો છે, આ મને ઘણો જ લાભ કરાવશે.વાસણોનું ભાડું તો મળે છે સાથે સાથે વાસણ પણ વધુ મળે છે.આમ કેટલાક દિવસો પસાર થયા.તે વ્યક્તિ ફરીથી વાસણો ભાડે લઇ ગયો અને થોડાં વાસણ વધારે આપી ગયો અને શેઠને કહ્યું કે તમારા વાસણોને બાળકો થયાં છે.શેઠ ઘણા ખુશ થાય છે અને ચુપચાપ વાસણો રાખી લે છે.

છ મહિનાનો સમય પસાર થાય છે.તે વ્યક્તિ શેઠ પાસે આવે છે અને કહે છે કે મારા ઘેર ખાસ મહેમાન આવવાના છે એટલે કૃપા કરીને આપની પાસે જે સોના–ચાંદીનાં વાસણો છે તે મને આપો.પહેલાં તો શેઠ વિચારમાં પડી જાય છે,પછી વિચાર્યું કે આ ભાઇને મેં જ્યારે પણ રસોઇના વાસણો ભાડે આપ્યાં તેનાથી વધારે પરત આપી જાય છે.આ વખતે હું સોના–ચાંદીનાં વાસણો ભાડે આપીશ તો મને વધારે વાસણો પાછાં મળશે અને મને વધુ ફાયદો થશે આમ વિચારીને તેને સોના–ચાંદીના વાસણો ભાડે આપે છે. ઘણો સમય પસાર થયો પરંતુ તે ભાઇ સોના–ચાંદીના વાસણો પાછા આપવા ના આવ્યા તેથી શેઠ ઘણા પરેશાન થાય છે અને તે ભાઇના ઘેર જાય છે અને કહે છે કે ભલા માણસ ! તમે તો મારા સોના–ચાંદીના વાસણો ભાડે લઇ ગયા હતા તે પાછા આપવા જ ના આવ્યા ! તે વ્યક્તિ ઘણો જ નિરાશ થઇને કહે છે કે શેઠજી ! શું કરૂં આપે જે સોના–ચાંદીનાં વાસણો મને ભાડે આપ્યાં હતાં તેમનું તો મૃત્યુ થયું છે.

શેઠને ઘણો જ ગુસ્સો આવે છે અને કહે છે કે તૂં કેવી વાત કરે છે? હું તને જેલમાં અંદર કરાવી દઇશ. શું ક્યારેય વાસણોનું મૃત્યુ થાય ખરૂં? ત્યારે તે વ્યક્તિ કહે છે કે શેઠજી ! જ્યારે મેં કહ્યું હતું કે વાસણોને બાળકો થયાં છે તે સમયે તો તમે સત્ય માન્યું હતું.જો વાસણોને બાળકો થાય તો તેમનું મૃત્યુ ના થાય?

આવી જ સંસારની સ્થિતિ છે.માયાની પાછળ મનુષ્ય એટલો આંધળો થયો છે કે તેને કશું સમજમાં આવતું નથી.મહાત્માઓ,સંતજનો દરેક સમયે મનુષ્યને ચેતવણી આપે છે કે હે માનવ ! તૂં જે મહાત્માઓના વચનો સાંભળે છે,વાંચે છે તેના ઉપર સત્યને જાણીને દ્રઢતા લાવ. લાલચમાં પડીને સત્યનો સાથ ના છોડીશ નહી તો પાછળથી પસ્તાવો પડશે.ધનની લાલચ અને આશા ઘણી ખરાબ છે.અમારે પણ જીવનમાં કોઇપણ પ્રકારના લોભ–લાલચમાં ફસાયા વિના જીવન જીવવાનું છે.

લોભનો વિરોધી શબ્દ છે સંતોષ..મનુષ્ય પોતાના જીવનમાં મોહ–માયા અને લોભ–લાલચમાં એટલો ડુબી જાય છે કે તેને પરમતત્વની પ્રાપ્તિ થતી નથી.જ્યારે કોઇ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરે છે ત્યારે સંતોષ આવે છે.સંસારમાં લોભથી તુચ્છ વિનાશકારી તત્વ બીજું કોઇ નથી,તમામ અનર્થોનું મૂળ લોભ છે,લોભથી મનુષ્યની બુદ્ધિ અને વિવેક નાશ પામે છે તેથી તે પાપકર્મમાં પ્રવૃત્ત થાય છે.ગીતામાં કામ,ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યા છે.લોભના મોહમાં માનવને સારા નરસાનું ભાન રહેતું નથી તેથી તે ન કરવાના કાર્યો કરી બેસે છે.લોભ સમાન કોઇ દુ:ખ નથી અને ત્યાગ સમાન કોઇ સુખ નથી. પ્રારબ્ધ અનુસાર જે કંઇ મળ્યું છે તેમાં સંતોષ માની જીવન જીવવું પણ લોભ ન રાખવો.

(સૌજન્ય : વર્તમાનપત્ર દમણ)

જેટલી વાર વાંચશો એટલી વાર જીવનનો પાઠ ભણાવશે આ લેખ ?

તારુંને મારું શુ છે આ જીવન માં ?

જીવનના શરૂઆતના ૨૦ વર્ષ હવાની જેમ ઉડી ગયા.

પછી શરુ થઇ નોકરીની શોધ.

આ નઈ પેલું, પેલું નઈ ઓલું...

આમ કરતાં કરતાં ૨ થી ૩ નોકરીયો છોડતાં છોડતાં એક નક્કી કરી.

થોડી સ્થિરતાની શરૂઆત થઇ.

અને પછી લગ્ન થયા.

જીવનની રામ કહાની શરુ થઇ ગઈ.

લગ્ન જીવનના શરૂઆતના ૨ વર્ષ કોમળ, ગુલાબી અને રસીલા સપનાંઓને પુરા કરવામાં પસાર થઇ ગયા.

હાથોમાં હાથ નાખી હરવું, ફરવું બધું થયું. પણ આ દિવસો જલ્દીથી હવા થઇ ગયા. અને પછી બાળકના આવવાની આહટ થઇ. હવે આખું ધ્યાન બાળકમાં કેન્દ્રિત થઇ ગયું.

બાળક સાથે હસવું, રમવું, ખાવું, પીવું અને લાડ કરવાનું શરુ થઇ ગયું.

સમય એટલો જલ્દીથી પસાર થઇ ગયો કે ખબરજ ના પડી.

અને આ બધાની વચ્ચે ક્યારે મારો હાથ તેના હાથથી નીકળી ગયો, વાતો કરવી, હરવું ફરવું ક્યારે બંધ થઇ ગયું ખબર જ ના પડી...

બાળક મોટું થતું ગયું,

તે બાળકમાં વ્યસ્ત થઇ ગઈ,

અને હું મારા કામ માં...

ઘર અને ગાડીની ઈર્ઁ, બાળકની જવાબદારી, શિક્ષા અને ભવિષ્યની ચિંતા અને બેંકમાં રકમ વધારવાની ચિંતા.

તે પણ પોતાને કામમાં વ્યસ્ત કરતી ગઈ અને...હું પણ.

જોતા જોતા હું ૪૫ નો થઇ ગયો.

ઘર, ગાડી, પૈસા, પરિવાર બધુ જ હતું પણ કંઇક ખામી લાગતી હતી. અને એ શું છે એ ખબર ના પડી.

એની ચીડ-ચીડ દિવસે દિવસે વધતી ગઈ, અને હું ઉદાસ ઉદાસ થતો ગયો.

છોકરું મોટું થઇ ગયું અને તેનો સંસાર બાંધવાનો સમય આવ્યો.

ત્યાં સુધી અમે ૫૦- ૫૫ વર્ષની ઉમર માં પહુંચી ગયા.

એક ક્ષણમાં મને જુના દિવસો યાદ આવવા લાગ્યા.

અને સારો સમય જોઈ મેં તેને કીધું...

અરે જરા અહી આવ, મારી પાસે બેસ. ચાલ હાથોમાં હાથ નાખી ક્યાંક ફરવા જઈએ.

મને વિચિત્ર નજરોથી જોવા લાગી અને કહ્યું,

"કઈ ભાનબાન છે કે નહી, ઘરમાં આટલું કામ છે અને તમને વાતો ના વડાં કરવા છે અત્યારે."

આમ કહી સાડીનો પલ્લું જોસથી અંદર કરી રસોડામાં ચાલી ગઈ.

૫૫ ની ઉમરમાં પહુંચ્યા પછી વાળ માંથી કાળો રંગ જતો ગયો,

આંખોમાં ચશ્માં આવી ગયા.

દીકરો ભણવા વિદેશ જતો રહ્યો.

એક સપનું પણ પૂરું થઈ ગયું અને દીકરો હવે પોતાના પગ પર ઉભો થઇ સારી નોકરીએ લાગી ગયો.

હું અને મારી પત્ની હવે એક સરખા દેખાતા હતા...

અમે બન્ને ઘરડા થઇ ગયા હતા.

દવાઓ પર જીવન જીવવાનું શરુ થયું, અને ભગવાનની પ્રાર્થનાઓમાં લાગી ગયા.

બાળકો મોટા થશે તો ખુશીથી આ ઘરમાં રહીશું એવું વિચારી આ ઘર લીધું હતું જે હવે મોટો ભાર લાગી રહ્યો છે.

છોકરો ક્યારે પરત ફરશે, હવે એની રાહ જોઇને દિવસો પસાર થતા ગયા.

એક દિવસ સોફા પર બેસી ઠંડી હવાનો આનંદ માણી રહ્યો હતો કે ત્યારે ફોનની ઘંટડી વાગી, તરતજ મેં ફોન ઉપાડ્યો.

દીકરાનો ફોન હતો.

તેણે કહ્યું કે એના લગ્ન વિદેશમાં થઇ ગયા છે અને હવે એ પરદેશમાં જ રહશે.

અને તેણે એમ પણ કીધું કે બેંકમાં જે પૈસા છે, એ તેને નથી જોઇતા માટે તેને વૃદ્ધાશ્રમમાં દાન કરી દો, અને ત્યાં જ રહી જાઓ.

આટલું કહી ફોન મૂકી દીધો.

હું પાછો સોફા પર આવી બેસ્યો.

આજે ફરીથી મેં પત્ની ને કીધું...

"ચાલ આજે હાથમાં હાથ નાખી ક્યાંક ફરવા જઈએ."

અને તેને તરત જવાબ આપ્યો...

"હા એક મિનીટ આવી."

મને વિશ્વાસ ન થયો, મારી આંખોમાં ખુશીના આંસુ છલકી આવ્યા.

અને અચાનક એકદમથી હું પાછો ઉદાસ થઇ ગયો. તે આવી અને પૂછ્યું...

"હા બોલો શું કહેતા હતા તમે ?" પણ પછી હું કઈ બોલ્યો નહી બસ મારા વિચારોમાં ખોવાઈ ગયો,

અને પત્નીને કશું સમજ પડી નહિ એટલે એ પછી તેના કામ પર લાગી.

પછી થોડી વાર રહી પછી મારી પાસે આવીને બેસી. મારા ઠંડા હાથને તેના હાથમાં પકડી કહ્યું.

ચલો ક્યાં ફરવા જવું છે તમને ?શું વાતો કરવી છે ?

આટલું કહેતા તેની આંખો પણ ભીની થઇ ગઈ !!

બસ હું ત્યારે તેના ખોળા પર માથું રાખી વિચારતો રહ્યો કે... શું આ છે જિંદગી ?

બધાય પોતાનું નસીબ સાથે લઈને આવે છે એટલા માટે થોડો સમય પોતાની માટે પણ કાઢો.

જીવન પોતાનું છે તો તેને પોતાની રીતે જીવતા શીખો.

આજથી જ શરુઆત કરો, કારણકે કાલ ક્યારેય નહી આવે અને તમે જીવનની અમુલ્ય ક્ષણો ખોઈ બેસશો. જીવન મોજથી જીવો.

અમદાવાદ, શ્રી વલ્લભાધીશકી જય શ્રી ગુસાઈજી પરમદયાલકી જય.

ટચૂકડી વાર્તા

– આકાશ ઉપાધ્યાય

રાજ અને કશયપ ઓફિસના લંચબ્રેકમાં

માલિક મનોમન વિચારતો હજુ તો નવો નવો શો–રૂમ ખુલ્યો છે એટલે જામતા વાર લાગશે. નવું નવું જ હોવાથી કોઈ હેલ્પરની જરૂર પડતી નહોતી . રોજબરોજ આવીને શૉ–રૂમ ખોલીને બેસી જતા માલિકના ચહેરા પર ચિંતા દેખાવા લાગી.

કેટલી આવક આ ધંધામાં લગાડી છે હવે તો સફળતા મળે તો સારું.'

શૉ–રૂમની બહાર બાર–પંદર વર્ષનો એક છોકરો બેઠો રહેતો એ લોકોના જુતાચપ્પલની સિલાઈ અને પોલિશ કરવાનું કામ કરતો હતો . એના એક હાથની આંગળીઓ કામ નહોતી કરતી છતાં હથેળીનો ઉપયોગ કરીને પોતાનું કામ કર્યે રાખતો.

એનો ધંધો સામાન્ય દિવસ દરમ્યાન થોડુઘણુ પરચુરણ ભેગુ થતું એમાંથી ઘર માટે ખાવાનું લઈ જતો ઘરમાં એની મા અને પોતે બે જણા હતા..

બંનેનું કામ "પગરખા"નું હતું. એકનું વેચવાનું અને બીજાનું કામ ફાટેલા જુત્તા–ચપ્પલને સિવવાનું, શો–રૂમ નો માલિક હંમેશા પોતાના નસીબને દોષ દેતો' સાલ્લા કેટલાય ધંધા

બદલીને જોયા પણ ક્યાંય સફળતા ન મળી હવે અગર જો આ ધંધો પણ ન ચાલ્યો તો આગળની જિંદગીનું શું ? હવે તો આગળ કશું વિચારવાની હિંમત જ નથી થતી.

એક સમયે ભર બપોરે અને વૈશાખ નો ધોમધખતો તડકો એક બુઝુર્ગ ફુટપાથના કિનારે ચક્કર ખાયને બેસી પડ્યા. બરાબર પેલા છોકરાની બાજુમાં જ પડ્યા. છોકરાએ તુરંત ઉભા કરવાની કોશિશ કરી. શૉ-રૂમનો માલિક પણ મદદે દોડી આવ્યો.

શોપની અંદર લઈ જઈને ખુરશીમાં બેસાડ્યા પેલો છોકરો દોડીને સામેની ફૂટપાથ પર મળતું લીંબુ શરબત લઈને આવી પહોંચ્યો.

દાદાને પોતાના હાથે પીવડાવી એના માથે હાથ ફેરવવા લાગ્યો.

દાદા હજી પીવું હોય તો કહો.

એ શરબત વાળો ભાઈ બહુ સારો છે. કોઈની આવી તબિયત હોયતો ફટાફટ બનાવીને આપી દે છે અને થોડીવાર અહીં શાંતિથી બેસો અહીં તમને ગરમી પણ નહીં લાગે, આ દુકાન વાળા ભાઈ બહુ જ સારા છે.

શો-રૂમનો માલિક વિચારવા લાગ્યો

આ સાધારણ દેખાતા બાળકે ઉભા ઉભા બે માણસોના ચરિત્ર ને સારા સજાવી દીધા, નિર્દોષ ચહેરા પર ક્યાંય કપટથી બોલ્યો હોય એવું લાગ્યું નહિ, બે થી ત્રણ વાર દોડીને ગયો ને આવ્યો. પેલા માલિકે દૂરથી જોયું પોતાના ખિસ્સામાંથી પરચુરણ કાઢી ગણીને પેલા શરબત વાળાને આપતો હતો અને પાછો એ પણ આટલા ધોમધખતા તડકામાં ખુલ્લા પગે, જ્યાં બહાર પગ મુકો તો પગમાં લાય લાગે એવો તડકો.'

દાદાને એમના ઘરનું એડ્રેસ પૂછીને રીક્ષા કરાવી દીધી અને રીક્ષા વાળાને સૂચના આપતો બોલ્યો' દાદાને સહીસલામત પહોંચાડજો હો, રીક્ષા ઉપડેએ પહેલાં દાદાએ લીંબુ શરબતનો ભાવ પૂછતાં જ છોકરા એ જવાબમાં કહ્યું, અરે, દાદાએ આપણો જ માણસ છે પૈસા નહિ લે.'

દાદાએ અંતરથી આર્શીવાદ આપતા બોલ્યા ભલુ થજો દીકરા તારું'

દાદા નીકળી ગયા પછી પેલા માલિકે તુરંત પેલા બાળકને બોલાવીને કહેવા લાગ્યા. અલ્યા આટલી બળબળતી ગરમીમાં ચપ્પલ પહેર્યા વગર આમથી તેમ દોડે છે. તારો તો વિચાર કર.

શું કરું સાહેબ, હું તો ખુલ્લા પગે દોડવા ટેવાયેલો છું.

માલિક પણ વિચારવા લાગ્યો. આટલો મોટો શો-રૂમ હોવા છતાં મારે આવતીકાલની ચિંતા કરવી પડે છે. પણ આ તો હજુ કિશોરાવસ્થા કેટકેટલી જંગ ખેડવાની બાકી છે.

પોતાના શોપમાંથી સરસ મજાના દેખાતા ચપ્પલ એણે પેલા છોકરાને કાઢીને આપ્યા. છોકરાની ઘણી આનાકાની છતાં માલિકે એનો એક શબ્દ સાંભળ્યો નહિ.

શો-રૂમનો બીજો દિવસ, ત્રીજો દિવસ એમ ધીરે ધીરે ગ્રાહકી વધવા લાગી. ચપ્પલ દેખાડવા માટે કોઈ મદદની જરૂરત પડવા લાગી એટલે પેલા છોકરાને જ પોતાની શોપમાં બોલાવી લીધો. છોકરો પણ વિવેકી હોવાથી કોઈપણ ગ્રાહક ખરીદી કર્યા વગર પાછું જતું નહિ.

પગરખાનું કામ કરનાર બંનેની કિસ્મત બદલાય ચુકી હતી.

ઘણીવાર એવું બનતું હોય છે કે કિસ્મત બદલનાર આપણી નજર સામે જ હોય છે પરંતુ આપણે એને નરી આંખે જોઈ શકતા નથી..

કોઈપણ જાતના સ્વાર્થ વગર જરા સરખું પુણ્યનું કામ કરી દીધું ને ઈશ્વરે હાથ પકડી જ લીધો.

પગરખાને પનોતી કહેવામાં આવે છે.. પણ આખરે એ જ પગરખા બંને માટે સફળ સાબિત થયા.

– મનિષા હાથી

હું ભૂલી ગયો કે

બર્નાડ શોએ અડધી રાતે એના ફેમિલી ડોક્ટરને ફોન કર્યો અને કહ્યું કે મને હૃદયરોગનો હુમલો આવ્યો હોય એવું લાગી રહ્યું છે, તમે તાત્કાલિક આવી જાવ, મારી બચવાની શક્યતાઓ ઓછી દેખાય રહી છે, નહિંતર અડધી રાતે તમને હેરાન ના જ કરું !!

હું જાણું છું કે તમે પણ મારી જેમ વૃદ્ધ થઈ ગયા છો, પણ તમે મારી નાડ પારખો છો એટલે તમારા વિના છૂટકો જ નથી.

આ બન્યું ત્યારે બર્નાડ શો ની ઉંમર એંશી વર્ષની હતી, અને એમના ડોક્ટર લગભગ એટલી ઉંમરના જ હતા, અને છેલ્લા પચાસ વરસથી એમના પરિવારની સેવા સુશ્રુષા કરી રહ્યા હતા.

વૃદ્ધ ડોક્ટર અડધી રાતે જાગ્યા, અને તાબડતોબ બર્નાડ શોના ઘરે પહોંચ્યા, હાથમાં ડૉક્ટર ભારે ભરખમ બેગ લઈને સીડીઓ ચડી ઉપર પહોંચ્યા ત્યાં તો શ્વાસ ચડી ગયો, બેગ હાથમાંથી પડી ગઇ અને બર્નાડ શોના રૂમમાં પડેલી આરામ ખુરશીમાં જ સૂઈ ગયા !!

ડોક્ટરનું શરીર પરસેવે રેબઝેબ થઇ ગયું હતું અને ખૂબ જ હાંફી રહ્યા હતા, ડોક્ટરની હાલત જોઈ બર્નાડ શો બીકના માર્યા પથારીમાંથી ઊભા થઈ ગયા, ડોક્ટરે તો ખુરશીમાં લંબાવતા વેંત જ આંખો બંધ કરી લીધી હતી, અને માત્ર એટલું બોલી શક્યા કે મને પણ હૃદયરોગનો હુમલો આવ્યો હોય એવું લાગે છે ને બર્નાડ શો ભાગ્યા, ફટાફટ ઠંડુ પાણી લાવ્યા, ડોક્ટરના મોઢા પર છાંટયું, પંખો ફાસ્ટ કર્યો, હાથ પગ દબાવવા લાગ્યા, નાડી ચેક કરી, છાતી પર હાથ રાખીને જોઈ લીધું કે હૃદય બરાબર ચાલે છે ને ?

જે કાંઇ એમની પહોંચમાં હતું એ બધું જ એમણે કર્યું, પંદર વીસ મિનિટ પછી ડૉક્ટર થોડા સ્વસ્થ થયા, આંખો ખોલી, હળવેથી ઊભા થઈ પોતાની બેગ ઉપાડી અને બર્નાડ શોને કહ્યું કે મારી ફી ?

બર્નાડ શો એ કહ્યું કે શું મજાક કરો છો ! ફી તો તમારે મને આપવી જોઈએ, મારો ઇલાજ તો તમે કર્યો નહીં, અરે ઇલાજની વાત તો દૂર તમે અહીં આવીને મને જ મુસીબતમાં મૂકી દીધો, હું તો ભૂલી જ ગયો કે મને હૃદયરોગનો હુમલો આવ્યો છે. ઉલટું મારે તમારી સારવારમાં લાગી જવું પડ્યું !

ડૉક્ટરે કહ્યું કે એ ઇલાજનો જ એક ભાગ હતો, તમને હૃદયરોગનો હુમલો આવ્યો છે એ વાત ભૂલવવાની મેં જ વ્યવસ્થા ઊભી કરી હતી...!!

બર્નાડ શો એ જિંદગીમાં ઘણા લોકો સાથે મજાક કરી હતી , પણ એણે લખ્યું છે કે મારા ડૉક્ટરે મને મ્હાત આપી દીધી, મારે ફી ચૂકવવી પડી કારણ કે મારી બીમારીનો ઈલાજ થઈ ચૂક્યો હતો, હું થોડી વાર માટે ભૂલી જ ગયો હતો કે... હું બીમાર છું...

મારી નજર સામે મારો વરસો જૂનો ડૉક્ટર મરવા પડ્યો હોય તો પછી હું કેમ પથારીમાં પડ્યો રહું... મારી બીમારી સરખી કરવા માટે એ અડધી રાતે આવ્યો હોય ને એ ખુદ બીમાર પડી ગયો હોય તો મારી પણ ફરજ બને છે કે એની સંભાળ લઉં... આખરે તો એ મારો મહેમાન પણ હતો, ઘરે આવેલ વ્યક્તિને એના હાલ પર છોડી થોડો દેવાય ..??? અને હું ભૂલી ગયો કે... હુ બીમાર છું.

ઘણીવાર આપણને બીમારી પણ માનસિક જ હોય છે... અને બીજાની પીડા જોયા પછી આપણી પીડા ઓછી થઈ જાય છે અને દુ:ખનું પણ એવું જ છે, બીજાનું દુ:ખ જોયાં પછી આપણે કદાચ આપણું દુ:ખ પણ ભૂલી જઈએ છીએ.

આપણા હિસ્સાનો દીવો પ્રગટાવીએ

–લેખક: પ્રફુલ્લ કાનાબાર

સીનીયર સીટીઝન થયા બાદ આપણને કોઈ પૂછે કે સમાજમાં તમારું પ્રદાન શું? એ સમયે જવાબ આપતી વખતે જો ગલ્લા તલ્લા કરવા પડે તો સૌ પ્રથમ તો જીવન પ્રત્યને દ્રષ્ટિકોણ બાબતે પુન: વિચારણા કરવી જરૂરી બની જાય છે. માણસ કેટલા વર્ષ જીવ્યો એ મહત્વનું નથી પણ કેવું જીવ્યો એ મહત્વનું છે. આપણે ઈતિહાસ ન સર્જી શકીએ તો કાંઈ નહી પણ તેમાં એકાદ લીટી જેટલી જગ્યા મેળવી શકીએ તો પણ ઘણું છે. આપણે મંદિર કે દેરાસર ન બંધાવી શકીએ, આપણે સ્કૂલ કે કોલેજ ન બનાવી શકીએ પરંતુ એક જરૂરિયાતમંદ વિદ્યાર્થીની ફી કે ચોપડાનો ખર્ચ ઉઠાવીએ તો પણ એ માનવસેવાનું જ કાર્ય છે. અઠવાડિયે એક વાર નિયમિત કોઈ એકાદ ભૂખ્યાને ભરપેટ ભોજન કરાવીએ તો પણ એ માનવસેવાનું જ કાર્ય છે.

દુનિયાનો દરેક માણસ થોડે ઘણે અંશે સ્વકેન્દ્રી હોય જ છે. એમાં ખોટું પણ નથી. ખોટું ત્યારે કહેવાય જયારે એ સ્વકેન્દ્રી વિચારધારા સ્વાર્થવૃત્તિમાં તબદીલ થઇ જાય. પોતાનું વિચારવું એ સ્વાર્થ નથી પરંતુ પોતાનું જ વિચારીને અટકી જવું એ ચોક્કસ સ્વાર્થ છે! લગભગ દરેક ધર્મગ્રંથમાં અન્યની સેવા કરવી અથવા અન્યના લાભનું વિચારવાનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કહેવામાં આવ્યું છે. ખરેખર તો સ્કૂલ લાઈફમાં જ દરેક બાળકને પરોપકાર અને માનવતાના પાઠ શીખવાડવાનું ફરજીયાત હોવું જરૂરી છે.

હિતેન આનંદપરાની એક સરસ પંક્તિ છે.. એ જ લોકો ફાવી ગયા જે લોકો સમયસર બીજને વાવી ગયા. તાજેતરમાં જ સંત શ્રી પુનિત મહારાજની ૧૧૭ મી જન્મ જયંતિ ગઈ. પુનિત મહારાજે તદ્દન નિ:સ્વાર્થ ભાવે ભક્તિ અને સેવાની જે ધૂણી ધખાવી હતી એની સુવાસ આજે પણ અકબંધ છે. મારા જેવા અનેક લોકોને એમાંથી માનવસેવાની પ્રેરણા સતત મળતી રહે છે.

કોઈ પણ વ્યક્તિ ક્યારેય એમ ન કહી શકે કે સમાજનું એના પર ઋણ નથી. સવાલ સમજણનો જ છે. દેશમાં ચાલીસ ટકા વસ્તીને બે ટંક જમવાનું નથી મળતું એ વાત જો યાદ રાખીએ તો હોટેલમાં જમતી વખતે થાળીમાં એંઠું મૂકતા ચોક્કસ અટકી જઈએ. અન્નનો બગાડ અટકાવીએ એ પણ પરોક્ષ રીતે સમાજ સેવા જ છે.

મારા LIC ના સહકર્મચારી મિત્ર ગુણવંતભાઈ મકવાણા છેલ્લા પંદર વર્ષથી ગરીબ અને જરૂરીયાતમંદ બાળકોને મદદરૂપ થઇ રહ્યા છે. સામાન્ય રીતે બાળપણમાં જે વ્યક્તિએ ગરીબી વેઠી હોય એવી વ્યક્તિને ઉંમર વધતાંની સાથે ધનનું વળગણ વધી જતું હોય છે, પરંતુ ગુણવંતભાઈએ એ વાતને ખોટી સાબિત કરીને બતાવી છે. શ્રી ગુણવંતભાઈને એમની સેવાકીય પ્રવૃત્તિઓમાં એમના પત્ની પ્રવિણાબેન અને અન્ય પરિવારજનોનો પણ સહયોગ છે. તાજેતરમાં જ ગુણવંતભાઈના ફોટા સાથે એમના આકરા સંઘર્ષનો અને ખાસ તો એમની નિ:સ્વાર્થ સેવાકીય પ્રવૃત્તિ વિશેનો વિસ્તૃત અહેવાલ “ગુજરાત સમાચાર” માં પ્રકાશિત થયેલ છે. અહીં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ગુણવંતભાઈએ સાવ એકલા હાથે સેવાકીય પ્રવૃત્તિનો દીવો પ્રગટાવ્યો હતો. કોઈની પણ પાસે એમણે લેશ માત્ર અપેક્ષા રાખી નહોતી. એમણે જગાવેલી સેવાની જ્યોત જેમ જેમ લોકોને સ્પર્શતી ગઈ તેમ તેમ લોકો એમની સાથે જોડાતા ગયા.

મારી પ્રતિનિધિ વાર્તાઓના સંપાદક અને અપેક્ષા ફાઉન્ડેશનના ફાઉન્ડર શ્રી અલ્પેશ કારેણા હાલ માત્ર ૨૮ વર્ષની ઉંમરે દીવ્યાંગો માટે નોંધપાત્ર કામગીરી કરી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જીલ્લાના તદ્દન નાનકડા ગામ ગડુમાં મધ્યમ વર્ગ પરિવારમાં જન્મેલ અલ્પેશને બાળપણથી જ પગની તકલિફ હતી. નાની ઉંમરે બે ઓપરેશન કરાવવા પડ્યા અને આખરે ચાર વર્ષે તેઓ જાતે ચાલતા થયા. કદાચ આ જ કારણસર અલ્પેશના મનમાં દીવ્યાંગો માટે બાળપણથી જ સેવાની ભાવનાના બીજ રોપાયા. અમદાવાદની એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં ભણતા ભણતા જ એમણે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓના પેપર લખવાની તથા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો...માત્ર એટલું જ નહી પરંતુ અન્ય ૨૫૦ વિદ્યાર્થીઓને પણ સેવાકીય પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક સાંકળ્યા. બી.ઈ સિવિલ થયા ત્યાં સુધીમાં તો અલ્પેશના મનમાં દિવ્યાંગો માટે નિ:સ્વાર્થ સેવાની ચિનગારી એટલી હદે પ્રજ્વલિત બની ચૂકી હતી કે એમણે ઇંટ અને સિમેન્ટના નિર્જિવ ક્ષેત્રને અપનાવવાને બદલે પત્રકારત્વ અપનાવ્યું. ગુજરાતના વિવિધ ગામડામાં છેલ્લા ૨૦ વર્ષથી નિ:સ્વાર્થભાવે સેવા કરતાં ૧૯ લોકને લાઈમ લાઈટમાં લાવવા માટે જ “અડધી રાતે હોંકારો” નામનું પુસ્તક લખીને એની રોયલ્ટીની આવક અનાથ દીકરીઓને દાનમાં આપી દીધી. આજે ૮૦૦ થી વધુ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓના પેપર લખવાનો વર્લ્ડ રેકોર્ડ અલ્પેશના નામે બોલે છે. તાજેતરમાં જ સમગ્ર ભારતના ૨૦૨૫ ના ટોપ ૫૦ જિનિયસનો એવોર્ડ અલ્પેશને એનાયત થયો છે. માત્ર ૫૦ માણસોની વસ્તી વાળા તદ્દન નાના ગામમાં જન્મેલા અલ્પેશની ગણના આજે ભારતના ટોપ ૫૦ જિનિયસ વ્યક્તિઓમાં થાય છે! ટૂંકમાં આપણે કોઈના જીવનમાં દીવો પ્રગટાવીએ તો આપણા જીવનમાં પણ પ્રકાશ ફેલાવાનો જ છે. દીવ્યાંગો માટેના અપેક્ષા ફાઉન્ડેશનના માધ્યમથી આજે અલ્પેશ એની ટીમ સાથે અનેક દીવ્યાંગોને આત્મનિર્ભર બનાવવામાં કાર્યરત છે.

માનવધર્મથી મોટો એક પણ ધર્મ નથી. માત્ર પૈસાથી જ સમાજસેવા થાય એવું નથી. સમય આપીને પણ સમાજસેવા થઇ શકે છે. માણસ થઈને જન્મવું જેટલું જ મહત્વનું છે માણસ થઈને જીવવું. કોઈ પણ માણસનું જીવન એવું બને છે , જેવું એ કામ કરે છે. આપણે કાયમ માટે કોઈની ગરીબી કદાચ દૂર ન કરી શકીએ પરંતુ જ્યાં અંધકાર હોય ત્યાં આપણા હિસ્સાનો દીવો પ્રગટાવીએ તો આપણું એક સત્કર્મ તો બંધાશે જ સાથે સાથે એનાથી અન્ય લોકોને પણ સત્કર્મો કરવાની પ્રેરણા મળશે એ એકને એક બે જેવી વાત છે.

સૌજન્ય: પ્રેરણા અનલિમિટેડ પુસ્તકમાંથી

વમળના ઊંડાણ

લેખક: ચંદ્રકાંત જે.સોની

દાદા મારા બૂટને પોલીસ કરી આપો ને...

સ્કુલ યુનિફોર્મને ઈસ્રી પણ'

દાદાને પૌત્રના આવા હળવા કામનો આનંદ હતો. જિંદગીમાં કદી પોતાના કપડાને ઈસ્રી કે બૂટને પૉલીસ ન કરનાર દાદા, પોતાને આવડે એવી ઈસ્રી કે પૉલીસ કરી પણ નાખે. હસતાં હસતાં... મજાથી... સંતોષથી...પણ એક દિવસ આ નાનકડા બૂટને પૉલીસ કરી રહેલા દાદા પાસે પુત્રવધુ સુલોચનાએ બે ચાર જોડ પગરખાંનો ખડકલો કરી દીધો, પોલીસ કરવા માટે તે તેમને કહ્યું બોલ્યા વિના પોલીસ તો કરી પણ અનિચ્છાએ.

પછી તો આ, આખી જિંદગી, સ્વમાનભેર જીવેલા, ઑફિસ સુપ્રિટેન્ડ જનકરાય જોગાણીની નિવૃત્તિની હળવાશ આવા કામોની કડવાસમાં ધીરેધીરે જોતરાતી ચાલી.

પપ્પા પેલી નળની ચકલી બંધ કરતા આવજોથી માંડીને વોશિંગ મશીનનુ પાણી છોડવુ, છાપુ વાળીને મૂકવુ. બજારમાંથી શાકભાજી લાવવા, ધોબીના ત્યાંથી કપડાં લાવવા. આમ ધીરે ધીરે કદી નકરેલી પ્રવૃત્તિઓની હારમાળા વધતી ચાલી તે વધતી રહી.

રાત્રે પથારીમાં સૂતા સૂતા જનકરાયનુ મન વિચારે ચડી જતુ. એમને મૃત પત્નીની બધી વાતો યાદ આવતાં એમની આંખ ભરાઈ આવતી.

કલ્યાણી બેનના મીઠા ઠપકા યાદ કરતાં કરતાં એમનાથી ડૂસકું ભરાઈ જતું. તમે પૉલીસ કરશો, તમે ઈસ્રી કરશો ? તમને શાક લાવવામાં શી ખબર પડે ? તમ તમારે બેસો, ઓફીસમાં કેટલુ કામ રહેતુ હશે ? ઘેર તો આરામ કરો.

અને આમ આખી જિંદગી, ઘરના કોઈ કામમાં એમનો કોઈ ફાળો નહીં બસ એ ભલા એમની ઓફીસ ભલી અને ઘેર આરામ જ આરામ.

કલ્યાણી, તે મને આળસુ બનાવી ના દિધો હોત તો આજે મને આવા નાના નાના કામ કરવામાં નાનમ ન લાગત. પણ ક્યાં તેં મને એકેય કામ કરવા દિધુ ? આજે તુ હોત તો, તારાથી ના થઈ શકતુ હોત, તો પણ તારી જાત ખેંચી ખેંચીને તેં કામ કર્યું હોત. મને ક્યાંય હાથ

અડકારવા ના દિધો હોત ! ગાંડી, તેં મારી ખાતર આખી જાત ઘસી નાખી હોત ! અને પથારીમાં પડ્યા પડ્યા આવેલું ડૂસકું દબાવી દેતા.

ઓફીસ સુપ્રિટેન્ડન્ટ જનકરાયના નિવૃત્ત થવાના બે વર્ષ પહેલાં કલ્યાણીબેન ટૂંકી માંદગીમાં તેમનો સાથ છોડી ગયા, ત્યારે જેટલુ બધુ નહોતુ લાગી આવ્યુ, એટલુ આજે તેમની ઘેર હાજરીમાં તેમને લાગી આવતુ હતું.

જનકરાયની દિકરી વૃંદા, કોલેજ ના છેલ્લા વર્ષમાં હતી અને કલ્યાણીબેન જતા રહ્યાં

મોટો દિકરો પુનરવા, તેની પત્ની સુલોચના સાથે બેંગ્લોર સેટ થઈ ગયો.

વૃંદાના લગ્ન પછી, નિવૃત જનકરાય સાવ એકલા પડી ગયા અને જીવનના શેષ વર્ષો દિકરા સાથે વિતાવવાના ઈરાદે, બેંગલોર આવ્યા, ત્યારે જીવનના સાચા ચઢાવ ઉતારનો તેમને અનુભવ થયો. ઓફિસ સુપ્રિટેન્ડન્ટની માન મરતબા વાળી જીંદગી જીવનાર જનકરાય પર ધીરે ધીરે વધતી ઉંમર સાથે, કદી પણ ન કરેલા કામનો બોજ લદાતો ગયો ત્યારે તેમને કલ્યાણીબેનની ખોટનો અહેસાસ થયો.

પણ હવે, એકના એક દિકરા સાથે, કોઈ પણ દાદ ફરિયાદ વગર શુષ્ક જીવનના વધેલા ઘટેલા દિવસો પસાર કર્યા વિના છુટકો ન હતો. કારણ કે હવે તેમની મૂડી, કલ્યાણીબેનની યાદો અને એકની એક દિકરી વૃંદાના જીવનમાં સુખ સિવાય શેષ કશુ ન હતુ.

પણ એક કારમો ઘા તેમની રહી સહી જીંદગીને વમળના ઉંડાણમાં લઈ જઈ, તેમને ડૂબાડીને જ જંપ્યો અને તે ઘા હતો વૃંદાના વૈધવ્યનો !

વૃંદાના લગ્નના એક જ વર્ષમાં તેના પતિ નિકુંજનુ રોડ અકસ્માતમાં મૃત્યુ થયું.

યુવાન વિધવા દિકરી પર ખડકાયેલા દુ:ખના ડુંગર પરથી, તેને જનકરાય પોતાના ઘેર લઈ આવ્યા તો ખરા ! પણ દિકરા પુનરવા અને પુત્રવધુ સુલોચનાની મરજી વિરૂધ્ધ.

પોતાની ઉંમરની ઢળતી સાંજ અને યુવાન વિધવા દિકરીના જીવનની કાળમીંઢ રાત વચ્ચે પુનરવા અને સુલોચનાનુ મોં ફેરવી લેવાનુ વલણ આ દુ:ખના વમળોનુ ઉંડાણ વધારતુ રહ્યું.

એક રાત્રે આ વમળના ઉંડાણમાં ઉંડેને ઉંડે ઉતરી રહેલા જનકરાયનો જીવન દીપ બુઝાઈ ગયો ત્યારે વૃંદાનુ આક્રંદ કરતુ રૂદન દરેકની આંખને ભીની કરી રહ્યું.

એ પપ્પા રોજ ઑફીસ જતાં મને તમે જય શ્રી કૃષ્ણ કહેતા એમ આજે મને બોલ્યા વિના ચુપચાપ કેમ જાઓ છો ? મને છેલ્લી વખતનુ જય શ્રીકૃષ્ણ તો કહો ? એ પપ્પા ઉભા રહો, મને જય શ્રીકૃષ્ણ કહીને જાવ, પપ્પા... ઓ... પપ્પા..." અંતિમ ક્રિયા માટે આવેલા તમામથી ડુસકા ભરાઈ ગયા... પપ્પા વગરના પોતાના અંધકારમય જીવનનો વિચાર કરવામાં ને કરવામાં... આ અનાથ જેવી બની ગયેલી વૃંદા, પાગલ થઈ ગઈ... ભાઈ ભાભીને... ન સાચવવાનુ બહાનુ મળી જતાં થોડા દિવસમાં કોઇ સેવાભાવી પાગલખાનામાં તેમણે તેને દાખલ પણ કરી દીધી...

આ પાગલખાનાની મુલાકાતે આવેલા ડો.ભટ્ટાચાર્ય અને ડો.સુકેતુ શર્મા જ્યારે આ વૃંદાના વોર્ડ આગળથી પસાર થઈ રહ્યા હતા, ત્યાં જ વૃંદાનુ આક્રંદ ભર્યું રૂદન સાભળી ડો.ભટ્ટાચાર્યના પગ થંભી ગયા..."એ પપ્પા... મને જય શ્રીકૃષ્ણ તો કહીને જાવ... એ પપ્પા મને જય શ્રીકૃષ્ણ તો કહો... બોલતી જાય અને દર્દભર્યું આક્રંદ કરતી જાય, બે ઘડી તો પાષણ પણ પિગળી જાય એવુ એનુ આક્રંદ હતું.ભટ્ટાચાર્ય માનસિક રોગોના નિષ્ણાત ડોક્ટર... વૃંદાને તે તાકી રહ્યા... તેના આક્રંદે તો તેમને પણ હચમચાવી નાખ્યા.

ડો. ભટ્ટાચાર્યની આંખમાં આવેલા આંસુ જોઈને ડો. શર્માને આશ્ચર્ય થયુ... એમની પાસે તો આવા ઘણા કેસ આવતા હશે...! આનાથી પણ દયામણા.

આ વૃંદાને તૂટક તૂટક શબ્દોમાં ધ્રુજતા સ્વરે ડો.ભટ્ટાચાર્યએ પૂછ્યુ,

હા ત્રણ વર્ષથી અહીં છે તેના પિતાજીના મૃત્યુ પછી તેનો ભાઈ પુનરવા ?

ડોક્ટર તેને તમે ઓળખો છો ? ડો.શર્માએ તેમને પૂછ્યુ, હા, ખૂબ અંગત રીતે સુપ્રિટેન્ડન્ટ જનકરાયને પણ અને વૃંદાને પણ બોલતા બોલતા ડો.ભટ્ટાચાર્ય તેમનુ ડૂસકું ન રોકી શક્યા.

હું અને વૃંદા સ્કૂલમાં ન કેવળ ક્લાસમેટ હતા પણ વળી પાછી એમની આંખો ભરાઈ આવી.

વૃંદાને હું મારી હોસ્પિટલમાં લઈ જઈને ગમે તે ભોગે સાજી કરીશ ડોક્ટર જરૂર પડે પરદેશ લઈ જઈને પણ અને તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

ડો. શર્મા વિસ્મયતાથી તેમને તાકી રહ્યા.

ડો. ભટ્ટાચાર્યની સારવાર ખૂબ સફળ રહી. વૃંદા હવે પહેલા જેવી નોર્મલ થઈ ગઈ હતી.

ડો. શર્મા જ્યારે ડો. ભટ્ટાચાર્યને મળવા એમની હોસ્પિટલમાં આવ્યા, ત્યારે પિંક સાડીમાં સજ્જ વૃંદા,ચાની ટ્રે લઈ આવી. હૂબહૂ પરી જેવી રૂપાળી આકર્ષક નમણી નયન ઠરે એવી.

ડો. શર્મા તો તાકી જ રહ્યા વૃંદાને જોઈને આશ્ચર્યથી

કેમ, ડોક્ટર, ઓળખી ? આ વૃંદા ન કેવળ મારી ક્લાસમેટ મિત્ર પણ એથી ય ઘણું બધું મારા માટે.

ડો. શર્માના ચહેરા પર ઉભરાતા હર્ષોલ્લાસના ભાવ કળી જતાં.

ભટ્ટાચાર્યએ ચોખવટ કરી તેમને વધારે મુંજવણમાં મૂકી દિધા.

મારી લાડકી બેન અને કહેતા તે થોડાંક અટક્યા. અને જો હા, પાડો તો તમારી આર્ધાંગિની અને ડો. ભટ્ટાચાર્ય એ ધામધૂમથી પોતાને વર્ગખંડમાં રાખડી બાંધનાર આ વૃંદાના લગ્ન ડો.શર્મા સાથે કરાવી ભાતૃ ઋણ આદાકર્યાનો સંતોષ વ્યક્ત કરતુ પોતે લખેલુ પુસ્તક વમળના ઉંડાણ વૃંદાને અર્પણ કર્યું ત્યારે હાજર તમામની આંખો અહોભાવથી છલકાઈ રહી.

સદૈવ પ્રસન્ન રહીયે જે પ્રાપ્ત છે, પર્યાપ્ત છે.

બોધકથા: ઝઘડાનું મૂળ કારણ ગુસ્સો છે

આલેખન – સંકલન: વિનોદભાઇ માછી નિરંકારી

એકવાર એક શેઠ પોતાની દુકાન ઉપર બેઠા હતા.બપોરનો સમય હતો એટલે કોઇ ગ્રાહક પણ નહોતા એટલામાં એક સંત ભિક્ષુક ભિક્ષા લેવા માટે દુકાન ઉપર આવે છે અને અને શેઠને કંઇક ભિક્ષા આપવા માટે બૂમ મારે છે.શેઠ વિચારે છે કે આ સમયે કોન આવ્યું હશે? તેમને બહાર આવીને જોયું તો એક સંત ભિક્ષુક યાચના કરી રહ્યા હતા.શેઠ ઘણા જ દયાળુ હતા.તેઓ તુરંત ઉભા થઇને દાન આપવા માટે ચોખાની ગુણમાંથી એક કટોરી ચોખા કાઢી અને સંત પાસે આવીને સંતને ચોખા આપે છે.સંતે શેઠજીને ઘણા જ આર્શિવાદ આપ્યા.

શેઠજીએ સંતને હાથ જોડીને ઘણા જ વિનમ્રભાવથી કહ્યું કે હે ગુરૂજન ! આપના પવિત્ર પાવન શ્રીચરણોમાં મારા પ્રણામ.હું આપશ્રીને મારા મનમાં ઉઠેલ એક શંકાનું સમાધાન પુછવા ઇચ્છું છું,ત્યારે સંત યાચકે કહ્યું કે આપ આપની શંકા અંગે પુછી શકો છો.ત્યારે શેઠે પુછ્યું કે મહારાજ ! લોકો અંદરોઅંદર લડે છે કેમ? સંતે શાંત સ્વભાવ અને વાણીથી કહ્યું કે શેઠ ! હું તમારી પાસે ભિક્ષા માંગવા માટે આવ્યો છું, તમારા આવા પ્રકારના મૂર્ખતાપૂર્વકના સવાલોના જવાબ આપવા આવ્યો નથી.આટલું સાંભળતાં જ શેઠને ક્રોધ આવી જાય છે અને મનમાં વિચારવા લાગ્યા કે આ કેવા ઘમંડી અને અસભ્ય સંત છે..? આ તો બહુ મોટા કૃતઘ્ન છે,એક બાજું મેં તેમને દાન આપ્યું અને મારી સાથે કેવી અસભ્ય ભાષામાં વાત કરે છે.શેઠ ગુસ્સામાં સંતને ઘણા જ ખોટા-ખરા શબ્દોમાં ના કહેવાના શબ્દો કહે છે.

થોડા સમય પછી શેઠનો ગુસ્સો શાંત થયો ત્યારે સંતે કહ્યું કે ભાઇ તમારા પ્રશ્નના જવાબ આપવાના બદલે મેં ખરાબ વાત કહી કે તરત જ તમોને ગુસ્સો આવી ગયો અને ગુસ્સામાં તમે મને ના કહેવાય તેવા શબ્દો કહ્યા.તે સમયે હું પણ ક્રોધિત થઇ ગયો હોત તો આપણી વચ્ચે ઝઘડો થઇ જતો.ક્રોધ જ તમામ ઝઘડાનું મૂળ કારણ છે અને શાંતિ તમામ વાદ-વિવાદનો અંત છે.જો અમે ક્રોધ જ ના કરીએ તો ક્યારેય વાદ-વિવાદ થશે નહી.જીવનમાં સુખ-શાંતિ ઇચ્છતા હો તો ક્રોધ ઉપર નિયંત્રણ કરવું જોઇએ.ક્રોધને કાબૂમાં કરવા માટે દરરોજ સેવા-સુમિરણ-સત્સંગ કરવાની જરૂર છે.

કોઇપણ સમાજમાં શાંતિને વ્યક્તિથી અલગ જોઇ શકાતી નથી.વ્યક્તિ તમામ ભૌતિક સુખો મળ્યા પછી પણ સંતુષ્ઠ થતો નથી કારણ કે જ્યાંસુધી મનુષ્ય માનસિકરૂપથી શાંત ના હોય ત્યાંસુધી ભૌતિક વસ્તુઓ તેને સુખ-શાંતિ આપી શકતાં નથી.ક્યારેક વ્યક્તિની પ્રસિદ્ધિ પણ તેની શાંતિનો નાશ કરે છે કારણ કે પ્રસિદ્ધિ ટકાવી રાખવા માટે વ્યક્તિ પોતાની તમામ શક્તિ લગાવી દેતો હોય છે,કેટલાક સમય સુધી લોકપ્રિયતાથી તેને ખુશી મળે છે પરંતુ ત્યારબાદ ગુસ્સો અને નિરસતા તેના જીવનમાં આવી જાય છે.

દેવતા,ગુરૂ,ગાય,રાજા,બ્રાહ્મણ,બાળક,વૃદ્ધ અને રોગી..આ બધાં ઉપર ગુસ્સો ના કરવો જોઇએ.શબ્દો ક્યારેય બેજુબાન(મુંગા) નથી હોતા. શબ્દ ઔષધિનું કામ કરે છે અને ઘાવ(દર્દ) આપવાનું કામ પણ કરે છે.દરેક મનુષ્યએ એવી વાણી બોલવી જોઇએ જેનાથી સાંભળનારનો ગુસ્સો ઓછો થાય, મનમાં ઠંડકનો અનુભવ કરે,સારી લાગે,મનને આનંદિત કરી શકે,સુખનો અનુભવ કરાવી શકે અને આપણા મનને પણ આનંદ આપી શકે.મીઠી વાણીથી અમે દરેકનો

પ્રેમ અને આદર મેળવી શકીએ છીએ.મીઠી વાણીથી આપણે દરેકની ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ છીએ.

આપણે જ સાચા છીએ એવો દુરાગ્રહ ના રાખવો.આપણે સાચા હોઈએ તો પણ બીજા આપણને એ રીતે જ સ્વીકારે એવો આગ્રહ ન રાખવો.આસપાસના માણસો પાસે બહુ અપેક્ષાઓ ન રાખવી, બાળકોને આપણા પોતાના વિચારોના બીબામાં ઢાળવાનો મિથ્યા પ્રયત્ન ન કરવો, દુનિયાને ધરમૂળથી પલટી નાખવાની મહત્વકાંક્ષા ન સેવવી, વ્યવહારમાં મિતાચારી થવું કારણ કે દરેક બાબતનો અતિચાર ક્રોધ જન્માવે છે.જે માણસ સહિષ્ણુ હોય, હસમુખો હોય, ગમ ખાવાની ટેવવાળો હોય, નમ્ર હોય, આનંદી હોય એને ક્રોધ ઓછો ચડે છે.હાસ્ય અને ક્રોધ, રમૂજ અને ગુસ્સો એકસાથે રહી શકતાં નથી.

ગુસ્સે થવું સ્વાભાવિક છે પરંતુ બિનજરૂરી વધુ પડતો ગુસ્સો કરીએ તે સારૂં નથી.ક્રોધ એ માણસનો સૌથી ખરાબ શત્રુ છે.જે સ્ત્રીમાં ગુસ્સો ઓછો હોય છે તેનો પતિ ખૂબ નસીબદાર હોય છે કારણ કે આવા લોકોના ઘરમાં કકરાટનું વાતાવરણ હોતું નથી જેના કારણે પરિવારમાં હંમેશા પ્રગતિ રહે છે.ક્રોધ કરવાથી અશાંતિ તથા તનાવ વધે છે,ક્રોધી વ્યક્તિને ક્યારેય શાંતિ પ્રાપ્ત થતી નથી તેથી આ ક્રોધથી થનાર નુકશાન અને દુ:ખથી બચવાનો ઉપાય કરવો જોઇએ.જ્યારે જ્યારે અમોને ક્રોધ આવે છે ત્યારે તે કોઇને કોઇ ઉપર તો ઉતરે જ છે તેનાથી અમારૂં અને અમારાઓનું મન દુ:ખી થાય છે તથા ઘરનું વાતાવરણ બગડે છે.જો ક્રોધની આ ક્ષણને સાચવી લેવામાં આવે તો ઘરમાં જે હાસ્યનું વાતાવરણ હોય છે તેને કાયમ રાખી શકાય છે અને જે પોતાનાં હોય છે તેમની ઉપર ગુસ્સો કેવો? પોતાનાં તો પોતાનાં જ છે કે જે અમોને દિલથી પ્રેમ કરે છે કદાચ તેમની કોઇ ભૂલ થાય તો ક્ષમા આપવી.

ઘર–પરીવાર હોય કે અમારા કાર્યનું સ્થળ હોય ત્યાં અમારે શાંત રહેવું જોઇએ.જો કોઇ અમારી ઉપર ગુસ્સો કરે તો અમારે તેનો જવાબ શાંતિથી આપવો જોઇએ.જો અમે શાંતિનો માર્ગ છોડીને ક્રોધ કરીશું તો નાની વાત પણ અમારૂં મોટું નુકશાન કરશે.

સૌજન્ય: વર્તમાન પ્રવાહ–દમણ

શીર્ષક : કેમ છો?

લેખક: કમલેશ જોષી

દુનિયા આખીમાં ક્યાંય પણ બે ગુજરાતીઓ ભેગાં થાય એટલે સૌથી પહેલો પ્રશ્ન ક્યો પૂછે ખબર છે? કેમ છો? અને આ પ્રશ્નનો એક અને માત્ર એક જ જવાબ સામેવાળા તરફથી મળે, એ કયો ખબર છે? મજામાં. દુનિયા આખીમાં, જો કોઈ મેજિકલ કાઉન્ટરથી ગણતરી કરવામાં આવે તો, આખા દિવસમાં 'કેમ છો?' અને 'મજામાં', એ છ અક્ષરની આપલે લગભગ બે–પાંચ કરોડ વખત થતી ડિટેક્ટ થાય. એક મિત્રે વિચિત્ર વિશ્લેષણ રજુ કર્યું: બે પરિચિતો શેરી, સોસાયટી કે ઓફિસમાં ભેગાં થતાં વેંત 'કેમ છો' અને 'મજામાં'ની આપલે કરે એ તો સમજ્યા પણ ક્યારેક તો હોસ્પિટલના બિછાને હાથે, પગે, માથે પાટા બાંધીને પડેલા સ્વજનના ખબર અંતર પૂછવા આવનાર પણ એક જ પ્રશ્ન પૂછે 'કેમ છો?' અને આશ્ચર્ય કે મજાની વાત એ છે કે ખાટલે પડેલ પેશન્ટ, ભયંકર પીડા અનુભવતો હોવા છતાં જવાબ એક જ આપે 'મજામાં'.

કોઈ અમેરિકન કે જાપાનીસ વ્યક્તિ આ દૃશ્ય અને સંવાદને સમજે તો એની આંખોના ડોળા કલાક સુધી ગોળ ગોળ ફર્યા જ કરે. એક વ્યક્તિને બાટલા ચઢી રહ્યા છે, હોસ્પિટલના ખાટલે પડી છે એવા સમયે એને 'કેમ છો?' કેવી રીતે પૂછી શકાય. આટલું બધું સ્પષ્ટ દર્દ દેખાઈ રહ્યું છે, ચહેરો ઉતરી ગયો છે, ચોતરફ ડોક્ટર–નર્સથી વ્યક્તિ ઘેરાયેલ છે, શું આ બધું એ 'મજામાં નથી' એવું બુમો પાડી–પાડીને જાહેર કરતું નથી? એમાંય જયારે અમેરિકન કે જાપાનીઝ વ્યક્તિ પેશન્ટના મુખે 'મજામાં' સાંભળે ત્યારે તો એ બેહોશ જ થઈ જાય કેમ કે કડવી દવા અને ઇન્જેક્શન લેનાર વ્યક્તિ 'કઈ જાતની મજા, ક્યા પ્રકારની હેપીનેસ' માણતો હોય એ સમજવું એ લોકો માટે ઇમ્પોસીબલ બની જાય.

તમે પોતે પણ આજ સુધીમાં લાખો વખત 'કેમ છો?' પ્રશ્ન તમારા પરિચિતોને પૂછી ચુક્યા હશો. તમને કદી વળતા જવાબમાં 'મજામાં નથી' એવું સાંભળવા મળ્યું? અત્યારે જ પ્રયોગ કરી જુઓ. દસ વ્યક્તિને ફોન કરો. સાજાનેય કરો અને માંદાનેય કરો, જેની સગાઈ નક્કી થઈ છે એનેય કરો અને જેની વાઇફ રીસામણે ગઈ છે એનેય કરો, જેને નવી નોકરી મળી એનેય કરો અને જેણે ધંધામાં મોટી ખોટ ખાધી હોય એનેય કરો. પહેલો જવાબ તો એક જ મળશે 'બસ, મજામાં' અને વળતો પ્રશ્ન પણ આવે કે 'તમે કેમ છો?' અને મજાની વાત એ છે કે તમે પણ ગમે તે હાલતમાં હશો 'મજામાં' જ કહેશો. અમારા એક શિક્ષક કહેતા 'કેમ છો?' એવો પ્રશ્ન વડીલોને, વૃધ્ધોને કે કોઈ માંદા માણસને પૂછવામાં આવે એમાં કોઈ વાંધો નથી, પણ ઉગીને ઉભા થતા હટ્ટાકટ્ટા જુવાનીયાને 'કેમ છો?' પૂછવું એ એની ઈન્સલ્ટ ગણાય. ખીલેલા ગોટા જેવા પુષ્પને 'સુગંધની' કે બંને કાંઠે છલોછલ વહેતી નદીને 'પાણીની' ખોટ વર્તાય ખરી? એમ જુવાનીયાને તંદુરસ્તીની કે ઉમંગ, ઉત્સાહ, થનગનાટની કે હિમ્મત, સાહસ, શૌર્યની ખોટ વર્તાય ખરી? ગલીમાં કૂતરું જોઈને ફફડી ઉઠે, વધુ પડતું અંધારું જોઈને ગભરાઈ જાય, વીજળીના કડાકાભડાકા સાંભળી ગોદડામાં લપાઈ જાય કે કળિયુગ છે કળિયુગ છેની બુમો સાંભળી રડવા માંડે એ પંદર–પચ્ચીસ કે પાંત્રીસ વર્ષનો હોવા છતાં એના માટે યુવાન કે જુવાનીયો શબ્દ વાપરવો એ એ શબ્દનું અપમાન છે.

એવું કહેવાય છે કે ચોમાસામાં વીજળીના કડાકાભડાકા સાંભળી સિંહ ગુફામાંથી છલાંગ મારી બહાર આવી ગર્જના કરવા માંડે છે. કેમ? કેમ કે વીજળીના કડાકાભડાકાને એ ચેલેન્જ સમજે છે. ચેલેન્જને એસેપ્ટ કરવી એ સિંહત્વ છે, એ યુવાની છે એ આપણી સંસ્કૃતિમાં છે, એવું એક સંતે કહ્યું છે. રામાયણમાં એક પ્રસંગ છે. રામના અશ્વમેધ યજ્ઞનો ઘોડો જયારે લવ–કુશની નજરે ચઢે છે અને રાજાનું આધિપત્ય સ્વીકારવાની ચેલેન્જ જયારે એમની સામે આવે છે ત્યારે એ બંને એક ક્ષણનો પણ વિલંબ કે વિચાર કર્યા વિના ઘોડાને રોકે છે અને બાંધી લે છે. કોઈ પણ લાવલપેટ વિના સૈનિકોને સ્પષ્ટ કહે છે કે ચેલેન્જ એસેપ્ટેડ, આવી જાઓ મેદાનમાં. આ છે ભારતીય યુવાન. શું આવી ધસમસતી યુવાનીને 'કેમ છો' પૂછવાની હિમ્મત કરી શકાય ખરી?

અમારા શિક્ષક જયારે આ વાત કરતા ત્યારે અમારા રુંવાડા ઉભા થઈ જતા. એક સમયે હું અને તમે જે ભૂમિ પર ઉભા છીએ એ ભારત ભૂમિનો જુવાનીયો કેટલો બધો સેલ્ફ કોન્ફિડેન્સ, ખુમારી, સાહસ અને શૌર્ય ધરાવતો હતો? લવ–કુશની લાયન વૉકનું વર્ણન

કરતા એ શિક્ષકે કહ્યું કે યુદ્ધ માટે મેદાન તરફ જઈ રહેલા લવ-કુશને રામના સૈનિકોએ જયારે દૂરથી આવતા જોયા ત્યારે એવું લાગ્યું કે જાણે જંગલમાં સિંહ ફરવા નીકળ્યો છે, એના પગલા એવી રીતે પડતા હતા કે જાણે પૃથ્વી એક ફૂટબોલનો દડો હોય અને લાત મારીને એને ઉછાળી દેવાનો ન હોય એવી રીતે મક્કમ અને જોશપૂર્ણ ડગલા ભરતા લવ-કુશને આવતા જોઈ તેઓ પણ બે ક્ષણ એ ભારતીય યુવાનીને નીરખી રહ્યા. લગભગ કેટવૉકની નજીક પહોંચી ગયેલી, શાળા-કોલેજોમાં, સોસાયટીઓમાં દંગલ કરતી આજની યુવા પેઢીને શું કહેવું? કેમ છો? મજામાં?

મિત્રો, શું ધીરે-ધીરે નબળી પડ્યે જતી આપણી માનસિક અને શારીરિક ક્ષમતાઓ 'મજામાં' નથી એવું તમને નથી લાગતું? બોંતેર પેઢી બેઠી-બેઠી ખાય એટલી આર્થિક સધ્ધરતા હાંસિલ કરવાની લ્હાયમાં આપણે આપણી માનસિકતા અને શારીરિક દુરસ્તીને વેન્ટિલેટર પર ચઢાવી નથી દીધી ને? રાજકારણ-રાજકારણ રમવામાં, ખુદ મુંઝાવામાં અને બીજાને મૂંઝવી મારવાની રમતો શોધી બેઠેલા આપણે ક્યાંક ફિયરલેસનેસ, પ્યોરીટી ઓફ માઈન્ડ અને ઓનેસ્ટ બિહેવિયરની તબિયત બગાડી તો નથી નાખી ને? કોઈ પણ ભોગે પદ, પ્રતિષ્ઠા અને પૈસો કમાવાની ઘેલછામાં આપણે આપણી ભીતરે રહેલા સત્ય, પ્રમાણિકતા, ઈમાનદારી અને સર્જનતાનું ગળું તો નથી ટૂંપી રહ્યા ને? જિંદગીના સાચા-ખોટા સપનાઓ પાછળ દોડ્યે જતાં આપણે એક દિવસ કૃષ્ણ કાનુડો આપણને તેડવા, આપણો હિસાબ કરવા, કાયમ માટે આપણને લઈ જવા આવીને ઉભો રહેવાનો છે એ આપણે ભૂલી તો નથી ગયા ને? મિત્રો આજના દિવસે, ભીતરે બેઠેલા ઈશ્વરના અંશને 'કેમ છો' પૂછવાની હિમ્મત કરીએ તો કેવું? એમાંય જો ભીતરથી 'મજામાં' સાંભળવા મળે તો તો તમારા 'કુળ એકોતેર તરી ગયા' એની મારી ગેરંટી. ઓલ ધી બેસ્ટ.

સૌજન્ય: લોકસત્તા - જનસત્તા

પપ્પાની કિંમત

પપ્પાની કિંમત આપણે રોજ નથી કરતા એ દોડ્યા કરે છે એટલે એના તરફ ધ્યાન નથી જતું એની કમર દુખવાની કે હૃદયમાં દુખાવાની ફરિયાદ આપણા કાન સુધી નથી પહોચતી. એટલે પપ્પા આપણને હંમેશા ફિટ લાગે છે. પણ ! કેટલાયે હરતા ફરતા પપ્પા સવારે ઉઠતાં નથી ત્યારે એની સાથે ઘણી વાતો કરવાની રહી જ જાય છે. એનાં "જૈંન્ઈદ્ર છ્છઝદ્ર" પાછળ કેટલાય ઘોંઘાટ જવાબદાર હશે શી ખબર ?

પપ્પા એટલે દીકરાને નોકરી ન મળે અને દીકરીને સારું સાસરું ન મળે ત્યાં સુધી મનમાં ને ને મનમાં મૂંઝાતા અને છતાં બહારથી હિંમત આપતા રહેતા એવા વડીલ જેને અચાનક જ વૃદ્ધત્વ આવી જાય છે

દીકરી સાસરે જાય અને પપ્પા નામના આ વૃક્ષમાં અચાનક પાનખર બેસી જાય છે. સાંજનો સુરજ એને ચશ્મામાંથી પણ ધૂંધળો દેખાય છે. પણ એની આંખનું પાણી ક્યારેય એની કોરની સીમાને લાંઘતું નથી

દીકરીની વિદાય વખતે કદાચ એટલે જ આઘા પાછા થઈ જતા હશે. કારણકે એકવાર આ બંધ તૂટતો હશે તો પછી શહેર ના શહેર તણાઈ જતા હશે.

પપ્પા....જેના ખભ્ભે બેસીને મેળો પણ જોઈ શકાય અને શેરબજારમાં ડૂબી જઈએ તો જેના ખભ્ભે રડી પણ શકાય

પપ્પા એટલે એવી યાત્રા જે યાત્રાનું મૂલ્ય એના અંતિમ વિસામા પછી જ આંકી શકાય.

જે પપ્પા આખી જિંદગી શું કર્યા કરતા હતા એ ખબર ન હોય એની અંતિમ યાત્રામાં એની પાછળ આવતી લાઈન જોઈને ખબર પડે કે પપ્પા આખી જિંદગી બોલ્યાં વગર કંઈ કેટલુંય કરતા રહ્યા હશે !

પપ્પા તમે દેખાતું ઘર નથી, તમે ના દેખાતો એવો ઈમારતનો પાયો છો. તમે પુષ્પ નથી, તમે સુગંધ છો. તમે રસ્તો નથી. સાઈન બોર્ડ છો. અંધારામાં પણ રસ્તો બતાવતા રહો છો

પપ્પાને કહીએ કે તમે ઘરની એવી વ્યક્તિ છો જેનાં પૈસાથી અમે ઈચ્છા પૂરી કરી છે કે નહિ એ તો નથી ખબર પણ બે સમયની રોટલી એનાથી જ મળી છે

તમને કાચી કે પાકી પણ છત આપી છે. આપણે શાંતિની નિંદર માણી રહ્યા છીએ તો એમની આંખોએ ચોક્કસ ઉજાગરા વેઠ્યા હશે. હંમેશા પપ્પાનાં કઠોર હદયની પાછળ છૂપાયેલી કોમળતાને ઠેસ ના પહોંચાડતા !!

પપ્પાને કદાચ તમારી નવી ટેક્નોલોજી કે નવી આઇ.ટી ની દૂનિયામાં સમજ ના પડે અથવા ઓછું ફાવે તો ... હળવેકથી વ્હાલ કરીને સમજાવજો પણ ક્યારે પણ એવું ના બોલતા કે ?? તમને ખબર ના પડે ! ચૂપ રહો !!

ખાસ કરીને, મમ્મીની હાજરીમાં કે તમારી વહુ કે છોકરા – છોકરીઓની હાજરીમાં તો નહી જ !!!

કેમ, કે તમારી ગેરહાજરીમાં પપ્પા સાથે ઘણા અપમાનજનક વર્તણૂંક તમારા છોકરા કે છોકરી કે વહુઓ કરતા થઈ જશે !! માટે આવી પળ ક્યારે પણ આવવા ન દેતા !!

હંમેશા માન– સન્માન જ આપજો , ભલેને એમની ૧૦૦ ભૂલો થાય

પિતા વગરની જિંદગી એટલે ભગવાન વગરનું મંદિર.

સરસ ગુજરાતી કવિતા છે હૃદયને સ્પર્શી જશે એક વાર જરૂર વાંચો અને જીંદગીનો આનંદ માણો.

જીંદગી કશું નહિ પણ ઈશ્વરે બક્ષેલી યાત્રા છે
ક્યારેક સુખ તો ક્યારેક દુખ ભરેલી જાત્રા છે
મણાય એટલી માણી લેજો મિત્રો
કેમ કે જીંદગી તો જન્મ – મરણ વચ્ચેની વચ્ચેની નાની વાર્તા છે
''કેવી અજીબ વાત છે ઈશ્વર તમારા ઘરે આવે એ સૌને ગમે છે''
પણ ઈશ્વર એમના ઘરે બોલાવે તો કોઈ ને ગમતુ નથી
આંખોમાં વસનારા જ રડાવી જાય છે...
દસ્તુર તો જુઓ આ દુનિયાનો,
પોતાના મો ચડાવી બેઠા અને પારકા હસાવી જાય છે...
ક્યાં સમય છે આપણી પાસે જીવતા માણસ સાથે બેસવાનો,
આપણે તો માણસ મર્યા પછી જ "બેસવા" જઈએ છીએ.

બે- શબ્દો...

માઈનસ અને પ્લસ

આપણા પોતાના માઈનસ પોઈન્ટની ખબર હોય એ આપણો પ્લસ પોઇન્ટ છે.

અવાજ અને મૌન

પુરુષનો ઊંચો અવાજ સ્ત્રીને ચૂપ કરાવી દે છે, પણ સ્ત્રીનું મૌન પુરૂષના પાયા જ હલાવી નાખે છે.

ડોક્ટર અને માણસ

કેવો ગજબનો શબ્દ છે "સોરી" જ્યારે માણસ બોલે તો ઝઘડો પૂરો અને જો ડોકટર બોલે તો માણસ પૂરો

યાદ અને ભૂલી

મદદ એક એવી ઘટના છે, કરો તો લોકો ભૂલી જાય છે, ના કરો તો લોકો યાદ રાખે છે.

આપણા અને તાપણા

આપણા અને તાપણાની એક ખાસિયત છે, બહુ નજીક ના રહેવું અને બહુ દૂર પણ ના રહેવું.

શરૂઆત અને અંત

જીવનની શરૂઆત પોતાના રડવાથી થાય છે, અને જીવનનો અંત બીજાના રડવાથી થાય છે.

ક્રોધ અને લોભ

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે, અને ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે.

મગજ અને હૃદય

મગજ ભલે હૃદયથી બે વેંત ઉંચે હોય, પણ હૃદયથી બનતા સંબંધો, બધાથી ઊંચા હોય છે.

અંતિમ ક્ષણનું સુખને

– દિપા સોની "સોનુ"

મને કોઇ યાદ કરે છે હજી પણ સતત એ શ્ર્વાસમાં ભરે છે હજી પણ.

૬૦ વર્ષના સંજનાબેન છેલ્લા મહિનાથી હોસ્પિટલના ખોળે પડયા હતા. કેન્સર થયું હતું અને છેલ્લા સ્ટેજમાં હતું. ડોકટરોએ કહી જ દીધુ હતુ કે હવે બચવાની આશા નથી.

આમ તો સંજનાબેન જીવનનો બધો તડકો – છાંયો જોઇ ચુકયા હતા. ૨૫ વર્ષની ઉંમરે લગ્ન થયા હતાં. લગ્નના બે વર્ષમાં અંશ અને પછીના બે વર્ષમાં ખુશીનો જન્મ થયો હતો. બન્નેના જન્મ પછી સુખી કુટુંબની વ્યાખ્યામાં ફીટ બેસે તેવું તેમનું કુટુંબ હતું. પતિ સંજય પણ

બધાનું ખૂબ ધ્યાન રાખતો હતો. બધું બરાબર હતું. પણ તેમના સુખને કોઇની નજર લાગી અને લગ્નના ૧૫ વર્ષ પછી સંજયનું મૃત્યુ થયુ. ૪૦ વર્ષની સંજના ઉપર બન્ને બાળકોની જવાબદારી આવી પડી. તેણે સંજયની જગ્યાએ નોકરી સ્વીકારી લીધી. અને બન્ને બાળકોને મોટા કર્યા. અંશ ભણીને બહારગામ સેટ થયો હતો. દીકરી ખુશી લગ્ન કરીને તેમની નજીક જ રહેતી હતી અને તેમનું ધ્યાન રાખતી હતી. તેમની બિમારીમાં ખુશી જ તેમની સાથે હોસ્પિટલમાં રહેતી હતી. અંશ પણ મમ્મીની સેવામાં આવી ગયો હતો..

મૃત્યુની નજીક પહોંચી ગયેલા સંજનાબેનને જીવનની કઇ ઇચ્છા જકડી રાખતી હતી તે ખબર પડતી ન હતી. ડોકટર પણ વિચારતા હતા કે કઇ અદમ્ય ઇચ્છા તેમને જકડી રાખે છે?? દુનિયાની નજરમાં તેમની બધી જવાબદારી પૂરી થઇ ગઇ હતી. દીકરા–દીકરીની ચિંતા ન હતી. છતાં કંઇક અધૂરી ઇચ્છા તેમને જીવવાનું બળ આપતી હતી. ખુશી પુછતી કે "મમ્મી, તારે કંઇ કહેવુ છે ??" પણ તે કંઇ બોલતા નહી. બસ બહાવરી નજરે હોસ્પિટલના બારણા સામે જોઇ રહેતા. તેમની નજરમાં કોઇનો ઇંતજાર હતો.

ખુશીને લાગતું કે મમ્મીના દિલમાં કંઇક વાત છે, જે તે છુપાવે છે. બહું વિચારીને તેણે ઘરમાં મમ્મીનો કબાટ ખોલ્યો. સંજનાને ક્યારેક ક્યારેક ડાયરીમાં લખવાની આદત હતી. ખુશીએ તે બધી ડાયરી વાંચી લીધી. પણ તેમાં સંજય સાથેના દામ્પત્ય જીવન અને અંશ–ખુશીની વાતો હતી. ખુશી ડાયરી મુકવા જતી હતી ત્યારે કપડાં વચ્ચે રાખેલી સાવ નાનકડી ડાયરી મળી. તેને પહેલા તો થયું કે મમ્મીએ સંતાડેલી ડાયરી વાંચવી ન જોઇએ, પછી વિચાર્યું કે તેમાંથી કંઇક એવુ મળે કે જેનાથી મમ્મીની મનની વાત જાણી શકાય.

ડાયરીમાં લખાયેલી તારીખ વાંચીને તેને સમજાય ગયુ કે મમ્મીએ આ ડાયરી તેના લગ્ન પહેલા લખી હતી. તેમાં બહુ લખાણ તો ન હતું , પણ વાંચતા સમજાયું કે મમ્મી લગ્ન પહેલા કોઇ આશિષને પસંદ કરતી હતી. મમ્મી તેને પ્રેમ કરતી હતી, પણ લગ્ન ન થઇ શકયા અને બન્ને છુટા પડી ગયા. તેની મમ્મીએ તેના લગ્નના દિવસે ડાયરીમાં લખ્યુ હતું કે, 'આજે આશિષ સાથેનો સંબંધ પૂરો થાય છે, આજે હું સંજયના નામનું મંગળસુત્ર અને સિંદુર અપનાવવા જઇ રહી છુ. ત્યારપછી ડાયરીમાં કેટલાય વર્ષો સુધી કંઇ લખ્યુ ન હતું. સંજયના મૃત્યુ પછી થોડા દિવસો પછી સંજનાએ લખ્યુ હતુ કે, ' આજે હું પાછી એકલી થઇ ગઇ છુ, સંજય સાથેના વર્ષોમાં મેં કયારેય આશિષને યાદ નથી કર્યો, પણ હવે સંજય નથી, મને આખું જીવન એવી ક્ષણનો ઇંતજાર રહેશે કે જેમાં આશિષ મારી સાથે હોય, ભલે તે સુખ થોડી ક્ષણોનું હોય , પણ જીવનભર હું તે સુખની રાહ જોઇશ.' બસ પછી ડાયરીમાં કંઇ લખ્યુ ન હતુ.

ખુશી સમજી ગઇ. મમ્મીની મુંઝવણ, તેની તડપ, તેનો ઇંતઝાર, તેની અંતિમ ઇચ્છા તે જાણી ગઇ. મમ્મીની ઇચ્છા પૂરી કરીશ જ તેવું વિચારી લીધું. પણ આશિષ વિશે કંઇ જ માહિતી ન હતી. કોને પુછવું ? કયાં જવું ? તે વિચારતી રહી. ઘણું વિચારીને પછી મમ્મીનું ધ્યાન રાખવાનું અંશને કહીને બહારગામ જવા નીકળી. સંજનાબેનને કહેતી ગઇ કે, મમ્મી, હું બે – ત્રણ દિવસમાં આવી જઇશ, મારી રાહ જોજે. આટલું કહીને તે સીધી સંજનાબેનના પિયરના ગામમાં ગઇ. ત્યાં જઇને ઘણી તપાસ કરી. આશિષભાઈ ત્યાં ન હતા, પણ તે કયાં છે તે જાણીને તેમના સુધી પહોંચી ગઇ. તેઓ તેમની દુનિયામાં ખુશ હતા. ખુશીએ પોતે સંજનાની દીકરી છે તેમ કહ્યુ ત્યારે આશિષભાઇની આંખમાં આવેલી ચમક જોઇને ખુશીને લાગ્યુ કે તેમના દિલમાં હજી પ્રેમનું ઝરણું સુકાયું નથી. તેણે મમ્મીની બધી વાત કરી, મમ્મી પાસે થોડો સમય જ છે અને તેની છેલ્લી ઇચ્છા તમને મળવાની છે તે જણાવ્યુ. આશિષભાઇ તરત તેની સાથે જવા તૈયાર થઇ ગયા.

ખુશી આશિષભાઇને લઇને સંજનાબેન પાસે આવી. પહેલા તો સંજનાબેન તેને ઓળખી ન શકયા , પણ બે મિનિટ પછી તેની આંખમાં આંસુનો દરિયો ઉમટયો. અંશ અને ખુશી રૂમની બહાર નીકળી ગયા. આશિષભાઇ સંજનાબેન પાસે આવ્યા અને તેમનો હાથ પકડીને બેસી રહ્યા. બન્નેને એક પણ શબ્દ બોલવો જરૂરી ન લાગ્યો. એકબીજાનો સ્પર્શ ઘણું કહી દેતો હતો. આંખમાંથી નીકળતા આંસુ આટલા વર્ષની જુદાઇને ભુલાવવા પૂરતા હતા. થોડીવાર એમ જ બેસી રહ્યા પછી આશિષભાઇ બહાર ગયા, અંશ અને ખુશી સાથે થોડી વાત કરી, બન્નેની રજા લઇને અંદર આવ્યા અને સંજનાબેનની સેંથીમાં સિંદુર ભર્યું. પછી બે દિવસ ત્યાં જ રહ્યા, સંજનાબેનની પાસે જ બેસી રહ્યા. બે દિવસમાં આટલા વર્ષની તડપ – ઇંતજારનું દુઃખ ભુલાય ગયુ અને જીવનભરની ખુશી મળી હોય તેવા ભાવ સંજનાબેનના ચહેરા પર આવી ગયા. બે દિવસ પછી તેણે સંતોષ સાથે જીવ છોડયો. આશિષભાઈ બધી જ ક્રિયામાં અંશ – ખુશીની સાથે રહ્યા. પછી બન્નેને હિંમત આપીને પાછા ગયા.

અંશ અને ખુશીને મમ્મીને ગુમાવ્યાનું દુઃખ હતું પણ સાથેસાથે મમ્મીની જીવનભરની ઇચ્છા છેલ્લી ક્ષણે પૂરી કર્યાનો આનંદ હતો...

દિપા સોની – સોનુ

WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

માલિક - પ્રકાશક - મુદ્રક - પ્રકાશન સ્થાન

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી

શ્રી દિલીપભાઈ પંડ્યા દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810